॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓગષ્ટ ૨૦૧૨

રૂા. ૫/૦૦





ભુજ મંદિરે હિમાલય દર્શન-પ્રદર્શન અને હિંડોળાના મુખ્ય ગેટના યજમાન પ.ભ. રામજી ગોપાલ દબાસીયા આદિ પરિવાર તથા હિમાલય દર્શનના યજમાન પ.ભ. લાલજી જાદવા કેરાઈ આદિપરિવારને પહેરામણી સન્માન કરી આશીર્વાદ આપતા મહંત સ્વામી તેમજ હિમાલયની ગુફાનું ઉદ્‌ઘાટન કરતા યજમાન પ.ભ. ગોવિંદભાઈ ધનજી રાબડીયા તથા મહંત સ્વામી આદિ સંતો-ભુજ.



ભારતનું ગૌરવ એવા હિમાલય
નરનારાયણ પર્વતના શિખર ઉપર
શ્રી નરનારાયણદેવના દર્શન, ભુજ




















(૧) કલાત્મક વિવિધરંગી ૧૦ હિંડોળામાં ૧૦ સ્વરૂપે ઝૂલતા શ્રીહરિના દર્શન-ભુજ. (૨) હિમાલયની આરતી ઉતારતા મહંત સ્વામી સાથે યજમાનો-ભુજ. (૩) ચાતુર્માસની કથામાં હરિભક્તો શ્રીકૃષ્ણજન્મોત્સવ ઉજવી રહ્યા છે-ભુજ. (૪) ત્રિદિવસીય રાત્રિ સત્સંગ સભામાં દીપપ્રાગટ્ય કરતા મહંત સ્વામી આદિ વડીલ સંતો-ભુજ. (૫) રાત્રિયસભામાં કથાનું સુખ માણતા હરિભક્તો-ભુજ. (૬) પ્રસાદી મંદિરે હિંડોળાના યજમાન હીરજીભાઈ વાલજી હીરાણી કેન્ટન યુ.કે. વાળાને મહંત સ્વામીના હસ્તે પહેરામણી સન્માન-ભુજ. (૭-૮) પ્રસાદી મંદિરે હિંડોળાના તથા હિંડોળાની આરતીના દર્શન કરતા હરિભક્ત સમુદાય-ભુજ. (૯) ઓસ્ટ્રેલીયામાં એડેલાઈટ મંદિરે હિંડોળા દર્શન.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક





પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૮ - ઓગષ્ટ - ૨૦૧૨
સળંગ અંક - ૩૨૧

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org.


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

***• અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.***

***• પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.***

# તંત્રીની કલમે

'હરિ તારાં છે હજાર નામ કયે નામે લખવી કંકોતરી !'

વિષ્ણુ સહસ્રનામાવલીમાં શ્રી હરિનાં હજાર નામ આપેલાં છે. જનમંગલ સ્તોત્રમાં શ્રીજી મહારાજનાં અષ્ટોત્તરશત નામ અને સર્વમંગલ સ્તોત્રમાં ૧૦૦૦ નામ આપવામાં આવ્યાં છે. ભગવાનનાં આ યથાર્થાક્ષર નામ ભગવાનનો ગુણાનુવાદ છે. ભક્તજનો આ સ્તોત્રોનું પઠન કરી પ્રભુ પ્રત્યેના પોતાના ભક્તિભાવનું નિર્દેશન કરે છે.

એક અંગ્રેજી નાટયકારના અભિપ્રાય પ્રમાણે ''વસ્તુના નામનું મહત્વ નથી. તેનું કહેવું છે કે ગુલાબને ગમે તે નામ આપવામાં આવે તો પણ ગુલાબમાંથી તો મધુર સુગંધ મળશે.'' પરંતુ વસ્તુનું નામ બદલવાથી વસ્તુના ગુણમાં ફરક ભલે ન પડતો હોય, પરંતુ વ્યવહારમાં એમ કરવાથી અવ્યવસ્થા ઊભી થાય. ગૃહિણીના સૂચનથી બદામ લેવા ગયેલ ગૃહસ્થ દુકાનદારને કહેકે એલચી આપો. ગૃહસ્થ એલચી લઇ જઇને ગૃહિણીને આપે ત્યારે સ્થિતિ કેવી બને ? દુકાનમાં રહેલી બદામના ગુણ ભલે ન બદલાયા હોય. નામનું આમ વિશેષ મહત્ત્વ છે.

શ્રી હરિનાં નામ યથાર્થાક્ષર છે. અર્થાત અર્થસભર-ગુણદર્શન કરાવનારાં છે. વ્યવહારમાં પ્રચલિત નામોના ઇતિહાસથી અનભિજ્ઞ સત્સંગીઓને એ જાણવાનું રસપ્રદ બનશે.

ભગવાનનું 'ઘનશ્યામ' નામ બાલ્યાવસ્થાનું પરિવારમાં અપાયેલું હુલામણું નામ છે. ધર્મદેવની વિનંતીથી માર્કણ્ડેયઋષિએ ધરાવેલ નામોમાં ભગવાનના જન્મ સમયની રાશી કર્ક હોવાથી તેમનું નામ હ અક્ષર પર 'શ્રીહરિ' ધરાવ્યું હરિ એટલે જનોનાં દુઃખ હરનાર.

ભગવાન મેઘવર્ણમ શ્યામ-કૃષ્ણ હતા, તથા જન્મના યોગ પ્રમાણે લક્ષાવધિ જનોને પોતાની મૂર્તિમાં આકર્ષવાનું ઐશ્વર્ય ધરાવતા હતા. કૃષ્ એટલે આકર્ષવું. કૃષ્ણ એટલે આકર્ષણ કરનાર. આ ઉપરથી શ્રી 'કૃષ્ણ' નામ ધરાવ્યું.


'હરિ' અને 'કૃષ્ણ' બે નામ સાથે મળીને ભગવાન શ્રી 'હરિકૃષ્ણ' નામે પણ ઓળખાશે એમ જણાવ્યું.

માર્કણ્ડેયઋષિએ ધર્મદેવને કહ્યું, આપના પુત્ર, તપ, ત્યાગ, યોગ, ધર્મ અને જ્ઞાન આ પાંચ ગુણો ધરાવતા હોઇ શિવજી સમાન તપસ્વી થશે અને 'નીલકંઠ' નામે પ્રસિદ્ધિ પામશે. આ રીતે માર્કણ્ડેય ઋષિએ નામ ધરાવ્યાં. વનવિચરણ દરમ્યાન શ્રીહરિ 'નીલકંઠ'વર્ણી નામે વિશેષ પ્રસિદ્ધ છે. નીલકંઠવર્ણી વન વિચરણ કરી, લોજ ગામમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં મુક્તાનંદ સ્વામી તથા સંતો સાથે રહ્યા, ત્યાં 'સરજુદાસ' નામે ઓળખાયા.

રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને પીપલાણા ગામમાં ભાગવતી દીક્ષા આપી ત્યારે 'સહજાનંદ સ્વામી' અને 'નારાયણમુનિ' એમ બે નામ ધરાવ્યાં.

ભગવાનને સમર્પિત પ્રેમી ભક્ત આંબા શેઠે ઉત્કટ ભક્તિભાવની મસ્તીમાં સૌ કોઇને નવાઇ પમાડતું નામ પાડ્યું ''ન્યાલકરણ''. નામ પાડીને ઉત્સવ મનાવીને ગામમાં ઘેર ઘેર સાકર વહેંચી. ભગવાનને જાણ થતાં તેમને પૂછયું તો કહે, ''હે મહારાજ ! તમારી ભક્તિ કરનારને તમે ન્યાલ કરી દો છો એટલે મેં તમારું નામ ન્યાલકરણ પાડયું અને અમારી રીત પ્રમાણે ગામમાં સાકર વહેંચી.

સ.ગુ.રામાનંદ સ્વામીની અંતર્ધ્યાન લીલા પછી મહારાજે ૧૪માને દિવસે ફણેણીમાં સંતો હરિભક્તોની સભા કરી સૌને આશ્વાસન આપ્યું. સંપ્રદાયની ધર્મધુરા સંભાળવાની પોતાની ક્ષમતાનું ઐશ્વર્ય બતાવ્યું. ભગવાન અને ભક્ત-સ્વામી અને સેવકની સમજણરૂપે અને નારાયણ સર્વના સ્વામી છે એ અર્થમાં પોતાનું નામ ''સ્વામિનારાયણ'' આપી ''સ્વામિનારાયણ'' મહામંત્ર ધુન માટે આપ્યો. આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનની હૃદયગત ભાવનાને સમજી અત્યારે ચાલતા ચાતુર્માસ અંતર્ગત અધિકમાસ આવી રહ્યો છે તો આ પવિત્ર માસમાં ભગવાનને રાજી કરવા ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન અને મહારાજનું નામ સ્મરણ વધુને વધુ કરતા રહીએ એવી અભ્યર્થના... ઇતિ. જય શ્રી સ્વામિનારાયણ...



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

લેખાંક - ૮

**યજુર્વેદ :** ભગવાન વેદવ્યાસ વેદને વિષયના આધારે ચાર ભાગોમાં વહેંચ્યા છે. પોતાના ચાર શિષ્યોને એક એક વેદ ક્રમશઃ પૈલ ઋષિને ઋગ્વેદ, વૈશંપાયન ઋષિને યજુર્વેદ, જૈમિનિ ઋષિને સામવેદ અને સુમંતુ ઋષિને અથર્વવેદ ભણાવ્યો છે. અર્થાત્ ચારે વેદોનું જ્ઞાન પોતાના ચાર શિષ્યોને આપી અને પ્રચાર કરવાની આજ્ઞા આપી.

યજુર્વેદની મુખ્ય પરંપરામાં વૈશંપાયન ઋષિ છે.

યજુર્વેદની બે સંહિતાઓ છે.(૧) કૃષ્ણ યજુર્વેદ અને (૨) શુક્લ યજુર્વેદ. યજુર્વેદની બે સંહિતા કેવી રીતે છે તે સમજાવતી એક સુંદર કથા જોવા મળે છે.

વૈશંપાયનના એક તેજસ્વી 'યાજ્ઞવલ્ય' નામના શિષ્ય હતા. તેઓ વિદ્યાર્થી જીવનમાં ગુરુના આશ્રમમાં રહીને વેદાધ્યયન કરી રહ્યા હતા. એક વાર આશ્રમમાં એક રાજા પધાર્યા. રાજાએ આશ્રમમાં રાતવાસો કર્યો. બીજે દિવસે અગ્નિહોમ પુરો થયા પછી ગુરુ વૈશંપાયને યજ્ઞીય જળ રાજાના મસ્તક ઉપર છાંટવાનું કાર્ય યાજ્ઞવલ્કયને સોપ્યું. યાજ્ઞવલ્ય તે જળ લઇને રાજા પાસે ગયા. પરંતુ રાજા સૂતા હતા. યાજ્ઞવલ્કયે રાજાને જગાડ્યા. રાજાએ યાજ્ઞવલ્કયને થોડો વખત થોભી જવા કહ્યું, પરન્તુ યાજ્ઞવલ્કય રાહ જોઇ શકે તેમ ન હતા. કારણ કે તમને તુરંત વેદાધ્યયનના વર્ગમાં જવાનું હતું. યાજ્ઞવલ્કયની ઉતાવળથી ગુસ્સે થઇને રાજાએ તે યજ્ઞીય જળને બાજુમાં રહેલા એક સુકા ઝાડના ઠુંઠા પર ફેંકી દેવાનું કહ્યું. યાજ્ઞવલ્કયે તેમજ કર્યું. યાજ્ઞવલ્કયના તપના પ્રભાવની અસર થઇ, તે ઝાડ નવપલ્લવિત થયું.

આ ઘટના જોઇને રાજાને આશ્ચર્ય થયું અને પોતાને આવું જળ ન મળ્યું તે માટે પસ્તાવો પણ થયો. રાજાને યાજ્ઞવલ્ક્યની ઉતાવળ માટે ગુરુને ફરિયાદ કરી. ગુરુએ યાજ્ઞવલ્ક્યને ઠપકો આપ્યો અને ફરીવાર રાજાના મસ્તક ઉપર જળસિંચન કરવા આજ્ઞા આપી. પરંતુ તેજસ્વી યાજ્ઞવલ્ક્યે તેમ કરવાનો ઇનકાર કર્યો. આથી ગુસ્સે થઇને ગુરુ વૈશંપાયને યાજ્ઞવલ્ક્યને આશ્રમ છોડીને ચાલ્યા જવા આજ્ઞા આપી. યાજ્ઞવલ્ક્ય જવા તૈયાર થયા. ગુરુએ યાજ્ઞવલ્ક્યને જતાં પહેલાં પોતાની પાસે ભણેલ વેદપાછા સોંપી દેવા કહ્યું. યાજ્ઞવલ્ક્ય ગુરુ પાસે ભણેલ યજુર્વેદ સંકલ્પપૂર્વક છોડીને ચાલ્યા ગયા.



મહર્ષિ યાજ્ઞવલ્ક્યે ભગવાન સૂર્યની ઉપાસના કરી તેમની પાસેથી નવો વેદ મેળવ્યો. ગુરુ વૈશંપાયન યજુર્વેદની જે સંહિતા ભણાવતા હતા તે કૃષ્ણ યજુર્વેદ હતો અને યાજ્ઞવલ્ક્યને ભગવાન સૂર્ય પાસેથી જેની પ્રાપ્તિ થઇ તે શુક્લ યજુર્વેદ કહેવાયો. આ રીતે યજુર્વેદની બે સંહિતાઓ બની છે.

કૃષ્ણ યજુર્વેદની ત્રણ શાખાઓ પ્રચલિત છે : તૈત્તિરીય, કાઠક અને મૈત્રાયણી. શુક્લ યજુર્વેદની બે શાખાઓ છેઃ કાણ્વ અને માધ્યંદિની.

યજુર્વેદ યજ્ઞવિધિના મંત્રોનો સંગ્રહ છે. યજુર્વેદના

મંત્રોને 'યજુ' કહે છે. આ વેદના મંત્રો મહદ્અંશે ગદ્યાત્મક છે. યજુર્વેદના વિશેષજ્ઞ ઋત્વિજને અધ્વર્યુ કહે છે.

શુક્લ યજુર્વેદ (માધ્યંદિન વાજસનેય) સંહિતાના ચાલીશ અધ્યાયો છે.

પહેલા બે અધ્યાયોમાં દર્શ-પૂર્ણમાસ ઈષ્ટિના મંત્રોનો સંગ્રહ છે. ત્રીજા અધ્યાયમાં નિત્યહોમ, અગ્નિહોમ અને ઋતુ પ્રમાણે થતા ચાતુર્માસ્ય યાગની પ્રક્રિયા બતાવી છે. ચોથાથી આઠમા અધ્યાયમાં સોમયાગની પ્રક્રિયાના મંત્રોનું સંકલન છે.નવમાં અને દશમા અધ્યાયમાં રાજસૂય અને વાજપેય યાગના મંત્રો સંગૃહીત છે.

અગિયારમાથી અઢારમા અધ્યાયોમાં અગ્નિચયન આવે છે. અધ્યાય સોળમો રુદ્રીને નામે પ્રસિદ્ધ છે, જેને શતરુદ્રીય કહે છે. ઓગણીશથી એકવીશમા અધ્યાયમાં સૌત્રામણી યાગનું વર્ણન છે. બાવીશમાંથી પચીશમા અધ્યાયમાં અશ્વમેધયજ્ઞના મંત્રો છે. પછીના પંદર અધ્યાયો ખિલભાગ એટલે કે પરિશિષ્ટ ગણાય છે. બાવીશમા અધ્યાયનો બાવીશમો મંત્ર આપણું પ્રસિદ્ધ પ્રાચીન રાષ્ટ્રગીત ''आ ब्रह्मन्, ब्राह्मणो'' છે. એકત્રીશમા અધ્યાયમાં પુરુષ-સૂક્ત છે. ચોંત્રીશમા અધ્યાયમાં શિવસંકલ્પ-સૂક્ત છે. અંતિમ, ચાલીશમો અધ્યાય તે જ આપણું '' ईशावास्योपनिषद् '' છે.

ચારે વેદમાં યજુર્વેદ સૌથી નાનો છે.

**સામવેદ :** સામવેદ ગેય (સંગીત) મંત્રોનો સંગ્રહ છે. ભારતીય સંગીતનો જન્મ સામગાનમાંથી થયો છે. પ્રાચીનકાળમાં યજ્ઞ વખતે સામગાન કરવાની પરંપરા હતી. સામગાન કરનાર ઋત્વિજને ઉદ્ગાતા કહે છે.

સામવેદની અનેક શાખાઓ હતી, પરંતુ અત્યારે માત્ર ત્રણ શાખાઓ ઉપલબ્ધ છે. રાણાયનીય, કૌથુમ (કૌથુમી) અને જૈમિનીય.

સામવેદની સંહિતાના બે ભાગ છે.- પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિક, પૂર્વાર્ચિકના છ અધ્યાયોમાં ૬૫૦ ઋચાઓ છે. ઉત્તરાર્ચિકના એકવીસ અધ્યાયોમાં ૧૧૨૫ ઋચાઓ છે. આમ. સામવેદમાં કુલ ૧૮૭૫ ઋચાઓ છે.

સામગાનના અનેક પ્રકારો છે.બૃહત્, રથંતર, ગાયત્ર, વૈરૂપ, રાજત, શાક્વર, વિરાટ આદિ મુખ્ય સામગાન છે.

**અથર્વવેદ :** અથર્વેવદ વિશિષ્ટ પ્રકારના પ્રયોગોનો સંગ્રહ છે. અથર્વવેદના બે ભાગ છેઃ અથર્વ અને આંગિરસ. પ્રથમ ભાગમાં સૌમ્ય અને બીજા ભાગમાં ઉગ્ર પ્રયોગો સંગૃહીત છે. બંને મળીને સંહિતાનું નામ 'અથર્વાંગિરસ' થાય છે. તેનું જ બીજું નામ અથર્વવેદ છે.

અથર્વવેદના વિશેષજ્ઞ ઋત્વિજને બ્રહ્મા કહે છે.યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થાય તે જોવાનું કાર્ય બ્રહ્માનું છે. યજ્ઞના ઋત્વિજોમાં બ્રહ્માનું વિશિષ્ટ સ્થાન ગણાય છે. અથર્વવેદની નવ શાખાઓ પ્રચલિત હતી. અત્યારે માત્ર પિપ્પલાદ શાખા જ જોવા મળે છે.

બ્રહ્મવિદ્યા અને દર્શનની દૃષ્ટિએ મૂલ્યવાન ગણાય તેવાં ઘણાં મહત્ત્વપૂર્ણ સૂક્તો પણ અથર્વવેદમાં છે. અથર્વવેદ ગૃહ્યવિદ્યાઓનો ખજાનો છે. પરંતુ તે ઉપરાંત તેમાં અધ્યાત્મ અને તત્વજ્ઞાનવિષયક ઘણાં તત્ત્વો પણ જોવા મળે છે. આ ઉપરાંત અથર્વેવદમાં ઘણી વ્યવાહારિક વિદ્યાઓનાં તત્ત્વો પણ છે.

અથર્વેવદમાં ૨૦ કાંડ, ૭૩૦ સૂક્તો અને ૫૯૭૭ મંત્રો સંગૃહીતા છે.

**ક્રમશઃ**

sp.`-8-12 \u sp.4-9-12 k^u LÃRdp L\p `pfpe Zp

**તા.૧૩-૮-૧૨ શ્રાવણ વદ -૧૧ સોમવારથી ૭ દિવસ - ભુજ**
**તા. ૧૮-૮-૧૨ અ.ભાદરવા સુદ-૧ શનિવારથી ૫ દિવસ - માધાપર- બન્ને મંદિરમાં**
**તા. ૨૦-૮-૧૨ અ.ભાદરવા સુદ-૩ સોમવાર થી ૫ દિવસ - ભુજ**
**તા. ૨૨-૮-૧૨ અ.ભાદરવા સુદ-૫ બુધવાર થી ૫ દિવસ - ભારાસર**
**તા. ૨૭-૮-૧૨ અ.ભાદરવા સુદ-૧૧ સોમવારથી ૫ દિવસ - ભુજ**

# મોક્ષ માટે ઉપયોગી સાધન : શરીર

ડો.એચ.વી.કેરાઇ, અંજાર-કચ્છ.

ભલે મોક્ષ માટે ઉપયોગી સાધન શરીર હોય પણ એવાં એ શરીરને ધર્મ વેગડો મૂકીને કે ગમે તે ભોગે બચાવવું એ પણ જરૂરી નથી. દારૂ માંસયુક્ત કે પછી આલ્કોહોલયુક્ત દવા સાચા સત્સંગીઓથી ન લેવાય એ શાસ્ત્રોની આજ્ઞા છે. પણ ગમે તે ભોગે આ ક્ષણભંગુર દેહને બચાવવા આપણે ગમે તેવી માંસાહારી દવા ખાઇએ કે એજ દેહને બચાવવા કોઇ તાંત્રિકની શરણે જઇને નિર્દોષ પ્રાણીઓનો ભોગ લઇએ એ શાસ્ત્રો વિરુધ્ધની વાત છે.



કોઇ સ્ત્રીને જો પોતાના પતિ મારફત સંતાન પ્રાપ્તિ ન થતી હોય તો ગમે તે ભોગે સંતાન મેળવવા માટે ગમે તે અન્ય પુરુષ સાથે વ્યભિચાર કરવા જેવી એ વાત છે. સંતાન મેળવવા માટે સ્ત્રી ધર્મ તો ન જ ચૂકાય...

આપણે આપણા શાસ્ત્રોની આજ્ઞારૂપ વાડનું રક્ષણ ફગાવી દઇને મન માન્યું ફળ મેળવવા લાલ બત્તી દર્શાવતાં મોકળાશમાં જતાં રહીએ એ ક્યાંથી ચાલે?

ભગવાન અને શાસ્ત્રોની આજ્ઞા લોપીને આપણે ગમે તે સંપન્ન કરશું એ મિથ્યા છે. એમાં પાપનું પોટલું બંધાય છે કે પછી પુન્યનો ભારો ઓછો થાય છે.

પતિવ્રતા નારી પોતાના પતિને નારાજ કરીને ગમે તેવી સુખ સંપત્તી મેળવે એ એના માટે નરકની ખાણ છે. પતિવ્રતા સ્ત્રી માટે પતિની આજ્ઞામાં રહીને પતિનો રાજીપો મેળવવો એમાં જ એની સાચી સુખ સંપત્તિ છે.

શાસ્ત્રોની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર મનુષ્યને ભગવાન પણ લગીરે મચક આપતા નથી.

જમાના પ્રમાણે શાસ્ત્રોમાં પણ ફેરફાર થવો જોઇએ એવું કહેનારા પણ ઘણા મળી આવશે. એવું કહેનારા મનુષ્યોની પ્રભુ આશ્રયમાં ખોટ છે. જમાના પ્રમાણે શાસ્ત્રોની આજ્ઞામાં ફેરફાર કરીને વર્તન કરનારા માનવીઓ પ્રભુના આશ્રિત નથી.

શાસ્ત્રોની આજ્ઞા લખાણી ત્યારે ઇશ્વર અને શાસ્ત્ર રચનારા સંત-મહાત્માઓ કે ઋષી મુનિઓને હજારો વરસ પછીની પૃથ્વીનો પણ આભાસ હતો. એમનાં લખાયેલાં શાસ્ત્રો મનુષ્યની પેઢી-પેઢીઓ માટે છે.

બાર મહિનાનો પગાર ખાતા લશ્કરને રોજ કંઇ યુદ્ધ ક્ષેત્રે જવાનું ન હોય. જ્યારે દેશને જરૂર પડયે ત્યારે જો ગલ્લાં તલ્લાં કરે તો ન ચાલે. તેવી જ રીતનાં સત્સંગીનો રોજ કઇ આપતકાળ ન હોય. એના જીવનમાં જ્યારે બધી બાજુ સાનુકુળતા હોય ત્યારે એને વિપરિત કાળની કોઇ જ અસર થતી નથી પણ એની સાચી સમજણ કળાય એવા સમયે આવેલાં દુઃખને ટાળવા જો પ્રભુની આજ્ઞાનો લોપ કરે તો એનું જીવન વ્યર્થ છે. બને ત્યાં સુધી શરીરને સાંચવીએ પણ કોઇ પણ ઔષધ લ્યો ત્યારે તપાસ કરો કે શરીરને વટલાવી તો નહિ નાખે ને ?

# દયા નથી કે દયાનિધિ !

અતુલ બી. પોથીવાલા (મેમનગર-અમદાવાદ)




પીપળાવ ગામના પ્રભાશંકર મહેતા શ્રીજી મહારાજનાં અત્યંત હેત વાળા હરિભક્ત. તે એક દિવસ ગઢપુરમાં મહારાજના દર્શને આવેલા. અક્ષર ઓરડીમાં મહારાજ રહે અને એની પાછળ આ પ્રભાશંકર ઉતર્યા હતા. પછી રાત્રિના બ્રહ્મમૂહુર્તમાં ઊઠીને ભજન કરવા લાગ્યા અને હે દયાનિધિ ! હે દયાનિધિ ! એમ મહારાજની મૂર્તિ સંભારીને બોલતા જાય. આ સાંભળી મહારાજ સફાળા જાગી ગયા અને માનસંગ પાર્ષદને બોલાવીને પૂછયું, ''આ કોણ બોલે છે ?'' માનસંગજી કહે, તેતો ઓલ્યા પ્રભાશંકર બોલે છે. ''તે શું કહે છે ?'' માનસંગ કહે, ''તે તો દયા નથી, દયા નથી એમ ફરિયાદ કરે છે !'', ''બોલાવો એમને'' મહારાજે આજ્ઞા કરી.

પ્રભાશંકર આવ્યા, શ્રી હરિને દંડવત્ કરી ઊભા રહ્યા. મહારાજે પૂછયું, ''બોલો પ્રભાશંકર શું કહેતા હતા ?'', ''મહારાજ ! એ તો મારો નિયમ છે તે વહેલા ઊઠી આપને સંભારી હે દયાનિધિ, હે દયાનિધિ એમ પ્રાર્થના કરતો હતો.'' મહારાજે માનસંગ સામે સૂચક દૃષ્ટિ કરી. માનસંગજીએ તક ઝડપી લીધી અને તરત જ બોલ્યા કે, મહારાજ ! એ તો પ્રભાશંકર આપની બીકે બોલતા નથી, બાકી તમારે કયાં દયા છે ? અને જો દયા હોય તો આવી કડકડતી ઠંડીમાં સંતો જ્યાં ત્યાં પડ્યા રહે ખરા ? તે માટે હું કહું છું કે દયા નથી.

મહારાજ કહે, ''એમ વાત છે ? લાવો સગડી અને બધાને બોલાવો આજે અમારે એક પ્રકરણ કરવું છે.'' પછી સગડી ને ફરતે મહારાજ અને સૌ ભેળા થયા. મહારાજ બોલ્યા, ''અમે નક્કી કર્યુ છે કે જે અમને એક ગોદડું આપે તેને એક વાર ચરણારવિંદ આપવા અને બબ્બે ગોદડા આપે તેને બે વાર ચરણારવિંદ આપવા.'' પછી દાદાખાચર તરત જ બોલ્યા, ''મહારાજ મારા સો ગોદડાં.'' વસ્તોખાચર પણ કહે મહારાજ મારાં પણ સો ગોદડાં. પછી તો ગામમાંથી ભક્તો પોતાની શ્રધ્ધા પ્રમાણે ગોદડાં લઇને આવવા લાગ્યા. ગોદડાંનો મોટો ઢગલો થઇ ગયો. એમાં એક મેઘો સુતાર હતો તે ચોફાળ લઇને આવ્યો અને મહારાજને ચોફાળ આપ્યો. મહારાજે કહ્યું, ''કેમ તારી પાસે ગોદડું નથી ?'', ''હું તો મારા મામાનો નોકર છું એટલે અમારે નોકરને ગોદડું ક્યાંથી હોય ? આ એક ચોફાળ હતો તે તમને આપવા આવ્યો છું.'' મહારાજે કરૂણાદષ્ટિથી આ અકિંચન મેઘ સામું જોયું, ચોફાળ પોતે ઓઢયો અને પછી એને પાછો આપ્યો. ''લે મેઘા, આ ચોફાળ પાછો લઇ જા, તને સાથીને બીજો કોણ આપશે ?'' આજે આ ગરીબ મેઘાને અમૂલ્ય ચીજ પાછી મળી. શ્રી હરિનાં અંગોને સ્પર્શેલો વાત્સલ્યમય - ચોફાળ.

પછી મહારાજે સ્વયં-ભેગાં થયેલાં ગોદડાં-સંતોને ઓઢવા માટે આપ્યાં. જાણે પ્રભાશંકરજી - હે દયાનિધિ ! હે દયા નિધિ ! એ પ્રાર્થના સાર્થક કરી.

# ''અમૃતસમાન અધિક માસ''



અહેવાલ : જનકભાઇ એમ. ભટ્ટ

પુરાતનકાળથી અધિકમાસ પુરુષોત્તમ માસ દર ત્રીજા વર્ષે આવે છે. આ વર્ષે અધિકમાસની શુભ શરૂઆત ઓગષ્ટ માસની અઢારમી તારીખથી અધિક ભાદરવા સુદ ૧ થી થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે વર્ષના બાર મહિનામાં દરેક માસનો કોઇને કોઇ અધિષ્ઠાતા દેવ હોય છે પરંતુ દર ત્રીજા વર્ષે આવતા આ વધારાના અધિક માસનો કોઇ અધિષ્ઠાતા-દેવ અથવા સ્વામી ન હતો. આ મહિનામાં સૂર્યનું સંક્રમણ થતું ન હોવાને લઇને લોકો આ માસને નકામો માસ આવી ગણના કરતા હતા. લોકો આ માસમાં સત્કર્મ કરતા ન હતા. લોકો આ માસને ''મળમાસ'' તરીકે ઓળખતા હતા.

''મળમાસ'' તરીકે ઓળખાતા આ માસને ખૂબ જ દુઃખ થયું. આ પુરુષોત્તમ માસ-પ્રભુ-ભગવાન વિષ્ણુને શરણે ગયો. ત્યાં જઇને ભગવાન વિષ્ણુને કહ્યું કે જગતમાં પોતાની નિંદા થાય છે. આ હકીકત જણાવીને વિષ્ણુ ભગવાનને અધિષ્ઠાતા દેવ સ્વામી બનવા વિનંતી કરેલ.


'મળમાસ' ભગવાનને શરણે ગયો તેથી પ્રભુ પ્રસન્ન થયા અને સ્વયં તેનું અધિષ્ઠાતા પદ સ્વીકારીને કહ્યું, વત્સ ! હવેથી મળમાસ પુરુષોત્તમ માસ તરીકે ઓળખાશે. ઉપરાંત આ મહિનો બીજા મહિનાઓ કરતાં શ્રેષ્ઠ પવિત્ર ગણાશે. આ મહિનામાં જે લોકો ધર્મ ધ્યાન, જપ, તપ, પુણ્યદાન, ઉપવાસ, એકટાણાં, ભગવાનનું પૂજન અને વિધિપૂર્વકની પૂજા કરશે તે લોકોને ઉત્તમ ફળ આપનારા નીવડશે.

અધિકમાસના અધિષ્ઠાતા દેવ સ્વયં પુરુષોત્તમ નારાયણ છે જે ભક્તો અધિકમાસમાં સ્નાન, દાન, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવપૂજા ને બીજું જે કાંઇ કરે તેમને સઘળું ફળ આપનારું છે. જે લોકોનો અધિકમાસ પ્રમાદમાં ચાલ્યો જાય, દાન, ધર્મ વગરનો જાય તેમને દરિદ્રતા આવે છે. આ પૃથ્વી પર વારંવાર જન્મ ધારણ કરવો પડે છે.

અધિકમાસમાં કોઇ શુભ કાર્ય જેમ કે બાળમુંડન, જનોઇ વિવાહ તેમજ અન્ય કાર્યો આદરવાં નહિં. આ માસમાં વ્રત કરનારે પ્રાતઃ કાળમાં ઊઠીને નિત્યકર્મ કરી ભગવાન વાસુદેવનું સ્મરણ કરતાં વ્રતો કરવાનો સંકલ્પ કરવો. વેદ ભણેલા કુળવાન વિદ્વાન બ્રાહ્મણો પાસે વેદમંત્રો વડે લક્ષ્મી સહિત નારાયણની ભાવપૂર્વક પૂજા કરવી. ભગવાન વિષ્ણુની પ્રાર્થના તથા લક્ષ્મીજીનું સ્મરણ કરતાં કરતાં સાથે સાથે વિદ્વાન બ્રાહ્મણોને પણ દાન દક્ષિણા આપી યથાયોગ્ય સન્માન કરવું. જે સ્ત્રી આ અધિકમાસમાં પુરુષોત્તમ નારાયણનું વ્રત કરે તેના જીવનમાં દુઃખ દારિદ્રય આવતું નથી. તેમ જ જે માણસો આ માસમાં પૂરા ભાવથી ભગવાન વિષ્ણુનું પૂજન કરે છે તેમને સુખ, સંપત્તિ ઐશ્વર્ય સાંપડે છે.

આપણા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ વચનામૃત તેમજ શિક્ષાપત્રીમાં ધ્યાન, જપ, તપ, મંત્ર, હોમહવન, દાન, ઉપવાસ, એકટાણાં આદિ વ્રતો વિષેનું ખૂબ જ માહાત્મ્ય વર્ણવેલ છે.

આ રીતે આ માસના અધિષ્ઠાતાદેવ વિષ્ણુ ભગવાન થયા ત્યારથી ભક્તોમાં આ પવિત્ર પુરુષોત્તમ માસનો મહિમા ગવાવા લાગ્યો છે અને અનેક યુગો સુધી ગવાતો રહેશે. ભવિષ્ય પુરાણમાં આ અધિક માસના વ્રતનો ઉલ્લેખ જોવા મળે છે.



# "સેવાનું ફળ"

રમણીક ગોર, ભુજ

એક હતા બ્રાહ્મણ. તેના ચાર દીકરા હતા. મોટા ત્રણ દીકરા ખાસ કંઇ ભણ્યા નહી. પણ પરણીને ગૃહસ્થાશ્રમ માંડયો. સૌથી નાનો દીકરો જેનું નામ હતું ''નાભાગ'' જે દૂર દેશમાં ગુરુના ઘરે ભણવા ગયો. અને ભણવામાં ઘણા વર્ષો વીતી ગયા. તે દરમ્યાન મોટા ત્રણે દીકરાઓ પિતાજીની મિલ્કતના ભાગ પાડી લીધા. નાનાભાઇ માટે કશું જ રાખ્યું નહીં.

આ બાજુ નાનોભાઇ ભણીને ઘેર આવ્યો ત્યારે આવી બધાને મળ્યો. પછી પોતાના ભાઇઓને પૂછયું. તમે મારા ભાગમાં શું રાખ્યું છે ? ત્યારે ત્રણે ભાઇઓ મળીને નાભાગને કહે છે તારા ભાગમાં બાપાને રાખ્યા છે. એ તારા એકલાના ભાગમાં આવ્યા છે. આ સાંભળીને નાભાગ સમજી ગયો કે મોટાભાઇઓ પિતાજીની મિલ્કત પચાવી બેસી ગયા છે અને વૃધ્ધ પિતાજીની સેવા કરવાનું મારે માથે નાખે છે. ભલે જેવી એમની મરજી. હું પિતાજીની સેવા કરીશ. મારે મન માતા-પિતાની સેવા એ ભગવાનની સેવા જ છે.

પણ આ-બાજુ વૃધ્ધ પિતાજીને આ ન ગમ્યું. તેમણે નાભાગને કહ્યું. તારા મોટાભાઇ તને છેતરે છે. તું રાજા પાસે જઇને ફરિયાદ કર. પણ નાભાગ કહે પિતાજી ! મને મારા ભાગમાં જે મળ્યું છે તેમાં સંતોષ છે. મારે કોઇ ફરિયાદ કરવી નથી. આ સાંભળીને વૃધ્ધ પિતા રાજી થયા. દીકરો-ગુરુકુળમાં જે ભણવાનું હતું તે જ ભણ્યો છે. આ સાચી વિદ્યા હાથ કરી છે.

જ્યારે આ બાજુ ગામના રાજાએ યજ્ઞનો આરંભ કરેલો. યજ્ઞમાં વિપ્રો મંત્રોમાં વારેવારે ભૂલ કરતા હતા. નાભાગ આ યજ્ઞશાળામાં આવ્યો. અને વિનયપૂર્વક વિપ્રોને કહે છે. વિપ્રો આ મંત્રોનું ઉચ્ચારણ આ પ્રમાણે છે. ત્યારે તે વિપ્રોએ નાભાગને કહ્યું. તમે જ મંત્રો બોલો. નાભાગે શુધ્ધ મંત્રઉચ્ચારણ કરીને યજ્ઞ પૂર્ણ કરાવ્યો. એટલે વિપ્રોએ યજ્ઞમાં વધેલું ધન નાભાગને લેવા કહ્યું. નાભાગ એ ધન ભેગું કરતો હતો. ત્યાં આકાશમાંથી એક મનુમ્યાકુલે આવીને ક્હ્યું હું રુદ્ર છું. અને આ ધન ઉપર મારો અધિકાર છે. ત્યારે નાભાગ કહે છે ભાઇ ! આ ધન મને વિપ્રો એ આપ્યું છે. ત્યારે રુદ્રે કહ્યું ! એ વિપ્રોની ભૂલ છે. માન્યામાં ન આવતું હોય તો ઘેર જઇ તારા પિતાજીને પૂછી આવ. એ ખોટું નહીં બોલે.

આ બાજુ નાભાગ ઘેર આવીને પોતાનાં પિતાને પૂછે. પિતાજી ! યજ્ઞમાં વધેલું ધન કોનું ગણાય ? ત્યારે તેના પિતાજી કહે છે બેટા યજ્ઞમાં વધેલા ધન પર રુદ્રનો અધિકાર છે. નાભાગ પરત આવી રુદ્રને કહે છે આ ધન તમારું છે તમે લઇ જાઓ.

આ સાંભળીને રુદ્રે કહ્યું. તારા પિતાજી પક્ષપાત ન કરતાં સાચો ન્યાય આપો. અને તે સાથે સાચું જાહેર કર્યુ. તેથી હું તારા ઉપર રાજી થયો છું. આ બધું ધન હું તને રાજી થઇને આપું છું તે લેવામાં તને કોઇ દોષ નથી. આમ રુદ્રે યજ્ઞ ધન તથા કેટલીક નવી વિદ્યા શીખવી.

નાભાગ ધન અને વિદ્યા લઇ ઘેર આવી પિતાજીના ચરણોમાં પ્રણામ કરી બોલ્યો પિતાજી આપની સેવાનું અને આપના આશીર્વાદનું આ ફળ છે. પિતાજી પણ રાજી થઇને નાભાગને કહ્યું. દીકરા હંમેશા સત્યનો પક્ષ રાખી વડીલોનો આદર કરવો અને શિક્ષાપત્રીના ૧૩૯ માં શ્લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે માતા-પિતા-ગુરુ અને રોગાતુરની સેવાનો ઉપદેશ આપેલ છે.


માટે મિત્રો ! આપણે પણ માતા-પિતાની સેવા, વડીલોનો આદર, ગુરુની સેવા અને આપણાની શક્ય બને તેટલી રોગાતુરની સેવા કરીને ભગવાનને રાજી કરી લેવા.

નાભાગની દૃષ્ટાંત રૂપ વાતથી આપણે આપણા જીવનમાં આપણને જે મળ્યું તેમાં સંતોષમાની માતા-પિતાની સેવા કરી ભગવાનને રાજી કરી લેવા.

# વાચનથી માહિતી - ધ્યાન થી મળે જ્ઞાન

હિંમત કે. ઠક્કર, લાલજીભાઇ વી.હિરાણી

'શિક્ષાપત્રી'-ની આ લેખમાળામાં આપણે તલઃસ્પર્શી જાણકારી મેળવવાની હોઇ ચાલો આપણે ધ્યાન લગાવી આપણી સાંસારિક રાગોની રાગરાગણીઓના બેસૂરા અને કર્કશ ગાણા ગાતા આપણા જ મનને સા...રે... ગ... મ...ની સૂરાવલિમાં મધુર બનાવી ઓતપ્રોત થઇએ. ક્ષણાર્ધમાં સ્વર્ગ અને નર્કની સફર ખેડી આવતા મનપંખીની દિશાવિહીન ઉડાનને ધ્યાન દ્વારા એકાગ્રતાની લગામ લગાવી માત્ર શિક્ષાપત્રીનાં જ ચિંતન પર કેન્દ્રિત કરી વહી ગયેલા સમયની ભૂતાવળને સ્વામિનારાયણ મહામંત્રથી પ્રશાંત કરી, ભવિષ્યમાં - હું આમને, હું તેમ કરી નાખીશ - ના ગંજીપાના પત્તાના મહેલો ચણતા ભૂલાવી મનડાને વાચન, મનન, ચિંતન અને નિદિધ્યાસનની ઊંડી ગહેરાઇઓમાં માત્ર વર્તમાન ને વર્તમાનમાં જ લઇ જઇ શ્રી સહજાનંદ સ્વામી વિરચિત શિક્ષાપત્રીમાં ઊંડા ઊતારીએ.



જગતમાં દિવ્ય જ્ઞાન-વિજ્ઞાનના વિલય સાથે અંતરના અજ્ઞાનરૂપી અંધારાએ માનવને દિગ્મૂઢ અને કર્તવ્યા કર્તવ્યભ્રાન્ત કર્યો પરિણામે અપરોપકારીઓ દ્વારા વૈદિક ક્રિયાઓનાં મનગડંત દિશાદોરથી પ્રાણીઓ પીડિત થતાં અક્ષરધામાધિપતિ સ્વયં શ્રીહરિએ પરમકરૂણા કરી અવતાર ધર્યો અને વાઙ્મય અવતરણ પણ કર્યું...! જેને આપણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ જ કરીએ છીએ.

મૃત્યુલોક પરનો સંસાર તો કાળો કટ કાદળિયો છે, અને માનવ કાંઇ એ કાદવમાંનું કમળ તો છે નહીં જે નિષ્કલંક રહી શકે...! માનવ તો મહામાયાના પ્રાબલ્યથી લલચાઇ મારી ડૂબકીઓ ભૂસકાઓ અને ઉલગુલાંટીઓ કાળુળા કાદવમાં. બે આંખો મીંચી એ બચી તો ભાઇ ક્યારેક ડૂબતાને તરણું પણ તારે... આતો શિક્ષાપત્રી છે... તે જીવને માટે હૈયાધારણ જ છે. ઓ સમજુ માનવ ! ફદિયામાં ફીટી જવાને બદલે જો દિવ્યજ્ઞાન મેળવી લાખેણો થવાનો આ અંતિમ આરો આવ્યો છે... મોકો ઝડપી લે ભાઇ મોડું થઇ જાય એ પહેલાં... !!

આ દિવ્ય જ્ઞાન અંતરતિમિરને હરનાર તથા આંખોની અપૂર્વ અંજનશલાકા છે. આ જ માનવને મળતો પ્રજ્ઞા-બુધ્ધિનો ઝળહળાટ છે. સત્સંગીઓ આપ જાણો જ છો કે પરમાત્માનું દર્શન કરવા દિવ્યદષ્ટિ અને વાઙ્મય સ્વરૂપ જોવા પ્રજ્ઞા-દષ્ટિ જરૂરી છે.

શિક્ષાપત્રી સાક્ષાત્ અક્ષરધામ નિવાસી ને માનવદેહધારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આવિષ્કાર કરેલી છે. જેને શ્રી શતાનંદમુનિએ ગ્રંથસ્થ કરી છે. શિક્ષાપત્રીનું દિવ્યજ્ઞાન અસાર સંસારથી નિવૃત્તિ અને જીવને મોક્ષમાર્ગી કરનારું છે. ક્ષીર સાગર મંથન દ્વારા નીકળેલું અમૃત તો પંચમહાભૂતને અ-મૃત કરે, જ્યારે શાસ્ત્રમંથનથી નીકળેલ શિક્ષાપત્રી-જ્ઞાનામૃત અનંતાનંત ભવોને ફીટાવી મોક્ષ અપાવે.

જરા કલ્પનાતો કરીએ કે આ જ્ઞાનામૃતનું સૌ પ્રથમ પાન કરનારા આ લોકના શ્રી મુકુંદાદિક આશ્રિતો જેમ દૈવી મનુષ્યો થયા તેમ આપણે પણ આ જ્ઞાનામૃતનું પાન કરી સંસાર રોગનો સ્વપ્રયત્ને જ ઉપચાર કરી શકીએ છીએ. શિક્ષાપત્રીનું નિયમિત અધ્યયન વર્ણીવેષ શ્રી નારાયણમુનિની કૃપાથી જીવનું પ્રેરકબળ બની શકે છે.

જીવનું ખોળિયું રોગગ્રસ્ત તો છે જ...! પણ જે દવા અસર કરશે તે જ રોગ-નિર્મૂળ કરશે. કહે છે ને કે :

અક્કલમંદ કો હૈ ઇશારા કાફી,
મંદ અક્કલ તો હૈ પૂરા દુર્ભાગી,
પીછે કયોં પડા, વો હૈ તેરી પરછાઇ !
દિશા બદલ, મોક્ષ હી મોક્ષ હૈ ભાઇ !!


આસ્તિકો પર આત્યંતિક સ્નેહ રાખનારા અને શિક્ષાપત્રી લખનારા ધર્મનંદન એવા શ્રીહરિ આપ મારા હૃદયમાં વસો જ છો. આપ જ મને આત્મજાગૃતિ આપો.

શિક્ષાપત્રી કરોડો સૂર્ય સમાન દેદીપ્યમાન અને ચંદ્રો સમાન શીતળ અમ પર કૃપા વરસાવો.

માનવનાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાધનારી આ શિક્ષાપત્રી અમને તિમિરથી તેજે લઇ જાય અને સૌ ભક્તો પ્રતિદિન પ્રેમે કરીને તેનું વાચન, મનન, ચિંતન અને નિદિધ્યાસન કરી શકીએ એવી કૃપા હે સ્વામિનારાયણ ભગવાન અમ પર વરસાવો.

# નવલિકા : લાધીબાઇની સમાધિ

રામ કરશનદાસ ઠક્કર



શ્રીજી મહારાજના કચ્છ વિચરણના શરૂઆતના સમયની વાત છે. મહારાજ સુંદરજી સુતારના ઘેર પાટ ઢળાવીને તેની ઉપર બિરાજમાન છે. સામે જેઠી ગંગારામ આદિ હરિભક્તો બેઠા છે.

મહારાજ ગંગારામ મલ્લ પ્રત્યે બોલ્યા, 'તમે લાધીબાઇને એમના ઘેર જઇને બોલાવી આવો.' લાધીબાઇ શ્રીજી મહારાજના ગુરુ રામાનંદજીના શિષ્યા હતા.

ગંગારામ મલ્લે લાધીબાઇને જઇને મહારાજનો સંદેશો આપ્યો. પરંતુ લાધીબાઇએ આવવાનો ધરાર ઇન્કાર કરીને કહ્યું કે 'અમારા ગુરુ તો રામાનંદ સ્વામી છે. બીજા સાથે અમારે શું લેવા દેવા ? હું નહીં આવું.'

મલ્લે મહારાજ સમક્ષ વિનમ્રભાવે લાધીબાઇના ઇન્કારની વાત કરી.

સ્મિત વેરતાં મહારાજ બોલ્યા, 'એમને જઇને કહો કે તમારા ગુરુ રામાનંદ સ્વામી છે તેમ અમારા ગુરુ પણ રામાનંદ સ્વામી છે. એ રીતે અમે તમારા ગુરુભાઇ થઇએ. ગુરુભાઇને તો મળવા આવો.'

મહારાજનો આ સંદેશો લાધીબાઇના ગળે સરળતાથી ઉતરી ગયો અને તેઓ તત્કાળ મહારાજને મળવા આવ્યા. મહારાજ સામે દૃષ્ટિ પડતાં તેમના જીવને અપાર શાંતિ મળી. મહારાજે પણ તેમની સામે જોઇને આંખ સાથે આંખ મેળવી કે લાધીબાઇને સમાધિ થઇ ગઇ. લાધીબાઇ દિવ્યદેહે અક્ષરધામમાં પહોંચી ગયા.

અક્ષરધામમાં જઇને તેઓ જુએ છે તો શીતળ અને શાંત એવા સમુહ વચ્ચે શ્રીજી મહારાજ રત્નજડિત દિવ્ય સિંહાસન પર બિરાજમાન છે. કરોડો મુક્ત એમના ચરણકમળની સેવા કરી રહ્યાં છે. ગુરુ રામાનંદ સ્વામીને હાથમાં જળની ઝારી લઇને મહારાજની સેવામાં ઊભા રહેલા જોઇને તો લાધીબાઇ દંગ રહી ગયા. તેઓ સ્વામીને પગે લાગ્યા એટલે સ્વામીએ કહ્યું અમને નહીં પહેલાં મહારાજને પગે લાગો.

'સ્વામી આ તો તમારા શિષ્ય છે ને તમે અહીં તેમની સેવા કરો છો ? મને કંઇ સમજાતું નથી.'

'જે છે તે આ જ છે.' રામાનંદ સ્વામીએ કહ્યું, હું કહેતો હતો ને કે હું તો ડુગડુગી વગાડનારો છું ખરો નટ તો પાછળ આવે છે. ખરો નટ તે આ શ્રીજી મહારાજ છે. દુન્યવી જીવનમાં તેમણે અમારા શિષ્ય તરીકે પૃથ્વીપર આવીને એક વાત કરી છે. વાસ્તવમાં તો તેઓ અમારા કે તમારા જ નહીં સમસ્ત બહેનોના સ્વામી છે.

રામાનંદ સ્વામીના કથન પર લાધીબાઇને શંકા કરવાનું કારણ નહોતું. તેમના પર એમને અતૂટ વિશ્વાસ હતો. તેઓ તત્કાળ શ્રીજી મહારાજને પગે લાગ્યા.

સ્વામીએ કહ્યું 'તમે સમાધિમાંથી જાગો ત્યારે ભુજના તમામ સત્સંગીઓને આ વાત કરજો.'

તે પણ લાધીબાઇ તત્કાળ સમાધિમાંથી જાગ્યા અને પહેલીવાર શ્રીજી મહારાજને પંચાગ પ્રણામ કર્યા.

મહારાજ હસ્યા. 'પહેલા ના કહેતા હતા અને હવે કેમ પગે લાગ્યા ?'

'મહારાજ ! મને મારી ભૂલ સમજાઇ ગઇ.' લાધીબાઇ બોલ્યા, 'મને સમાધિ લગાવીને તમે અક્ષરધામના દર્શન કરાવ્યા તે મારા પર મોટો ઉપકાર કર્યો. ત્યાં મેં જોયું કે ગુરુ રામાનંદ સ્વામી તો તમારી સેવામાં છે.' આમ કહી લાધીબાઇએ સઘડી વાત કરી તેથી ઉપસ્થિત સત્સંગીઓ રોમાંચિત થઇ ઉઠયા સૌને પ્રતીતિ થઇ ગઇ કે મહારાજ તો અક્ષરાતિત અને ઇશ્વરના પણ ઇશ્વર અને દેવોના પણ દેવ છે. ઉત્પત્તિ પ્રલયના કર્તા અને સર્વ જીવપ્રાણી માત્રના કર્મફળ દાતા છે.

# વચનામૃતમાં એકાંતિક ભક્તની વ્યાખ્યા



– સાધુ ઇશ્વરસ્વરૂપદાસજી

૫. ભક્તોમાં કોઇકને ધર્મનિષ્ઠા પ્રધાન હોય, કોઇકને આત્મનિષ્ઠા હોય, કોઇકને વૈરાગ્ય નિષ્ઠા હોય, કોઇકને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય છે. પણ જ્યારે ચારે નિષ્ઠા એકને વિષે વર્તે તેને પરમ ભાગવત અને એકાંતિક ભક્ત કહીએ. (ગ.પ્ર. ૪૭)

૬. જગત સંબંધી પંચવિષયની વાસના ટાળે અને ભગવાનની વાસના વધારે તેને એકાંતિક ભક્ત કહીએ. (ગ.પ્ર.૬૦) વાસના ટાળવા માટે – આત્મનિષ્ઠાની દઢતા, પંચવિષયનું તુચ્છપણું, અને ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણવું. આ ત્રણે સાધન જોઇએ.

૭. ભગવાનને સદા મૂર્તિમાન જ સમજે. તેને એકાંતિક ભક્ત કહીએ. (ગ.પ્ર. ૬૬)

૮. જેને આત્મનિષ્ઠા, પ્રીતિ અને વૈરાગ્ય છે. એ ભક્ત એકાંતિક છે. (સા.વ. ૧૫)

૯. સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ સાધન તો ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ કરવી. તેને એકાંતિકપણું કહીએ. (લો.વ. ૬) (ક્રમશઃ)

૧. જેને ભગવાન વિના બીજી કોઇ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય. (ગ.પ્ર.૧૧)

૨. જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય, તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત મને જે જે વચન કહેશે. તેમજ મારે કરવું છે. આટલું વચન મનાશે કે નહીં મનાય એવું વચન ભુલ થી પણ ન કહે. વળી હૈયામાં મૂર્તિ ધારવી તેમાં શૂરવીરપણું રહે. સો વર્ષ સુધી ન ધરાય તો પણ કાયર ન થાય. જ્યારે ભૂંડા સંકલ્પ થાય ત્યારે ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે. તેને એકાંતિક ભક્ત કહીએ. (ગ.પ્ર.૧૫)

૩. જેનામાં આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ્ય અને સ્વધર્મ. આ ચારે ગુણ અતિશય દઢપણે વર્તતા હોય એને જ એકાંતિક ભક્ત જાણવો. (ગ.પ્ર. ૧૯)

૪. જેને પોતાના વર્ણાશ્રમ ધર્મને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની દઢતા, ભગવાન વિના સર્વ પદાર્થને વિષે અરૂચિ, તથા માહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ હોય તેને એકાંતિક ધર્મ કહેવાય. એવા એકાંતિક ધર્મવાળા ભક્તને એકાંતિક કહેવાય. (ગ.પ્ર. ૨૧)

## કચ્છકો બારે માસ

શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરની મુલાકાત મને ખૂબ જ આનંદ આપનાર તથા સંતોષદાયક રહી છે. આ મંદિરની મુલાકાત અવાર-નવાર થતી રહે અને આપણા સૌ ઉપર સર્વશક્તિમાન ભગવાનના આશીર્વાદ સાંપડતા રહે. આ નૂતન મંદિરની મુલાકાતથી આધ્યાત્મિક શાંતનિસ અનુભતિ આપણે હંમેશા મેળવતા રહીએ.

– રાકેશકુમાર કમાન્ડન્ટ (આર.ઓ.એફ.) અમદાવાદ

# આયુર્વેદિક સરળ ઉપચાર

એલર્જી

- મહેન્દ્ર બી. દવે, માંડવી

## હૃદયરોગીઓને ભોજન સંબંધી ઉત્તમ સૂચનો

એક કહેવત છે કે વ્યકિત જેવું ખાય છે એવું જ વિચારે છે. ભોજનનો સ્વાસ્થ્ય સાથે સીધો સંબંધ છે. જે પોષક, સંતુલિત અને સ્વાદિષ્ટ હોય, ભોજનથી ચરબીમાં વધારો ન થાવો જોઈએ. આથી શરીરમાં રકતચાપ (બી.પી.) મધુપ્રમેહ અને હૃદયરોગનો જન્મ થાય છે. હવે નીચે પ્રમાણે શું લેવું, શું ન લેવું તે વિગતવાર જોઈએ. (૧) ફણગાવેલા કઠોળ અને શાકનું સલાડ આથી વિટામીન અને ખનિજની ભરપુર માત્રા મળે છે. (૨) ગાજર, મૂળા, કાકડી, ટમેટા હૃદય માટે લાભકારી છે. (૩) સહેજ નમક ઉમેરી આદુનો દરરોજ ઉપયોગ કરો. જેથી લોહી ગંઠાતુ નથી. (૪) મલાઈ કાઢેલું દૂધ એક ગ્લાસ દરરોજ પીવું. (૫) એકથી બે ગ્લાસ છાશ દરરોજ પીવી. (૬) રીંગણના ઉપયોગથી કોલેસ્ટરોલ બનતું અટકે છે. (૬) જેને હૃદયરોગ હોય તેને હાઈ બી.પી. હોય જ માટે મીઠાનો ઉપયોગ ઓછો કરવો. માત્ર ૩-૪ ગ્રામ જ લઈ શકાય. (૭) તાજા શાકનો રસ પીવો. (૮) શાકાહારી ભોજન કરવું. (૯) રાતે સુવાના ૩ કલાક પહેલા ભોજન કરવું ઉત્તમ છે. (૧૦) ફણગાવેલા ચણા અને શેકેલા ચણા હૃદય માટે લાભકારી છે. (૧૧) ભોજન દિવસમાં ૩ વખતથી વધારે પડતું ખાવું નહીં. (૧૨) દિવસ દરમ્યાન ૧૦ થી ૧૨ ગ્લાસ પાણી પીવું. (૧૩) ભોજનની વચ્ચે પાણી ન પીવું. ભોજન બાદ અડધા કલાક પછી જ પાણી પીવું. (૧૪) ખાંડનો ઉપયોગ વધારે કરશો નહીં. (૧૫) ગાયના શુદ્ધ ઘી નો ઉપયોગ મહીને અડધા કિ. જેટલો કરી શકાય. ઘી ના બદલે તલના તેલનો ઉપયોગ બીજા તેલ કરતા શ્રેષ્ઠ કહી શકાય. માખણનો ઉપયોગ ઓછો કરવો. (૧૬) ભોજન તાજું અને ચાવી-ચાવીને ખાવું જોઈએ. (૧૭) હૃદય માટે રેસાવાળું ભોજન લાભકારી છે. રેસા એટલે ફાઈબર (૧૮) ઋતુ અનુસાર ફળોનું સેવન વધારે કરવું. (૧૯) લીલા પાંદડાવાળી બાફેલી ઓછા મસાલા વાળી ભાજી, દુધીનું સેવન લાભકારી છે. (૨૦) ઠંડાપીણા (કોલ્ડડ્રીંક્સ)ની જગ્યાએ ફળોનું સરબત, લીંબુનો રસ ફાયદાકારક છે. (૨૧) માટલાનું પાણી પીવું ફાયદાકારક છે. (૨૨) ચોખ્ખું મધ ગુણકારી છે. જે લીંબુના રસ અથવા પાણી સાથે બે ચમચી ઉમેરી લઈ શકાય. (૨૩) વીટામીન સી થી ભરપુર આમળા લેવા લાભકારી છે. (૨૪) દહીંનું સેવન ઓછું કરવું. છાશ પી શકાય.



આવી રીતે ભોજનનો સ્વાસ્થ્ય સાથે સીધો સંબંધ છે. પોષક આહારથી તંદુરસ્તી સારી રહે છે. શરીરરૂપી યંત્રને સારી રીતે ચલાવવા અને નિરોગી રાખવા કાર્બોહાઈડ્રેટ, યોગ્ય પ્રમાણમાં વસા (ચરબી), પ્રોટીન, વિટામીન અને પાણીની જરૂર હોય છે.

ભોજન અંગેના ઉપરના સૂચનને ધ્યાનમાં રાખી એ પ્રમાણે કરવાથી હૃદયરોગથી બચી શકાય છે. ભોજનમાં ચરબીની અધિકતાથી કોલેસ્ટરોલ વધે છે. જેથી કોરોનરી ધમની સાંકડી થાય છે. માટે ઘણી ચરબીવાળા ખોરાકથી દૂર રહેવું.

(હવે પછી - સંધિક જવર)

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## પંચાહ્ન કથા પારાયણ

ગામ મદનપુર નિવાસી કુંવરજીભાઇ ભીમજી ખેતાણી પરિવારના યજમાનપદે તા.૨૨-૬-૧૨ અષાઢ સુદ-૩ શુક્રવારથી તા.૨૬-૬-૧૨ અષાઢ સુદ-૭ સુધી પાંચ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું. ભાઇઓના મંદિરમાં ૪ અને બહેનોના મંદિરમાં ૧૦૮ સંહિતાપાઠ તથા ૧૫ મંડળ ભરવામાં આવ્યાં.


કથા પારાયણ દરમ્યાન શા.સ્વામી ઉત્તમચરણદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી આદિ વક્તાઓએ વ્યાસ ગાદીએ બિરાજમાન થઇ સ.ગુ.સ્વામી શતાનંદમુનિએ રચેલ ''શિક્ષાપત્રી ભાષ્ય'' શાસ્ત્રની કથાનું છટાદાર ભાષાશૈલીમાં વિવેચનપૂર્વક દૃષ્ટાંતો સહિત ભક્તજનોને કથાનું શ્રવણ કરાવી રાજી કર્યા.

કથા સમાપ્તિ પ્રસંગે કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ યજમાન પરિવારનો પરિચય આપી તેમના ભક્તિભાવ અને સેવાનો ઉલ્લેખ કર્યો.

પ.પૂ.સ.ગુ.મહંત પુ.સ્વા.ધર્મનંદનદાસજીએ ઉદ્‌બોધન કરી યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા અને ફૂલમાળા તથા પહેરામણી ભેટ આપી સન્માન કર્યું. કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી પહેરામણી ભેટ પ્રધાન કરવામાં સહયોગી રહ્યા. યજમાન પરિવાર બહેનોની પહેરામણી બાઇઓના મંદિરમાં સાં.યો.મહંત સામબાઇફઇના હસ્તે કરવામાં આવી.

મંદિરના શાસ્ત્રીજી રાહુલ મહારાજે યજમાનો દ્વારા કથા સમાપ્તિનું તથા વક્તા સ્વામીનું પૂજન અને આરતીનો કાર્યક્રમ સંપન્ન કર્યો. પ્રસાદ વિતરણ સાથે પારાયણ કાર્યક્રમ સમાપ્ત થયો.

## વિલ્સડન લેન (લંડન-યુ.કે.) મંદિર પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરે સપ્તાહ કથા પારાયણ



વિલ્સડન લેન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૪મો પાટોત્સવ અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમાના પવિત્ર તહેવાર સાથે ઉજવાયો. પાટોત્સવ ઉત્સવ નિમિતે તા.૨૭-૬-૧૨ અષાઢ સુદ-૮ બુધવારથી તા.૩-૭-૧૨ અષાઢ સુદ-૧૫ મંગળવાર સુધી કથા સપ્તાહ પારાયણ યોજવામાં આવી તેની સાથોસાથ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે પ્રતિવર્ષ અનુસાર કથા સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

અષાઢ સુદ-૮ થી અષાઢ સુદ-૧૫ સુધીના સપ્તાહ દરમ્યાન સવારના સમયમાં સ.ગુ.સ્વામી શતાનંદમુનિએ રચેલ ''શિક્ષાપત્રીભાષ્ય''ની કથાનું અને બપોર પછીના સમયમાં વ્યાસ ભગવાને રચેલ ''શ્રીમદ્ ભાગવત''ની કથા ભક્તિપ્રદ રસમય શૈલીમાં કથાના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી આદિ સંતોએ હરિભક્ત સમુદાયને શ્રવણ કરાવ્યું. દરરોજના કથા શ્રવણમાં વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લીધો.

અષાઢી એકાદશીએ નિયમની (દેવશયની) એકાદશી અને ચાતુર્માસ પ્રારંભ હોઇ તથા અષાઢી

પૂર્ણિમાએ કથા સમાપ્તિના દિવસે ગુરુપૂર્ણિમાનો તહેવાર હોઇ બન્ને દિવસોમાં સભા મંડપમાં હરિભક્તોની ઉપસ્થિતિ ખીચોખીચ રહી હતી.

દરરોજની કથાના યજમાનશ્રીઓ :

દિવસ – ૧ અ.નિ. ખીમજીભાઇ હીરજી ભુડીયા, ગોડપર ભુજ, અંજાર, માંડવી થાળ, રસોઇ તથા ધોતીયાં

દિવસ – ૨ કાન્તિલાલ નાનજી હાલાઇ, કેરા

દિવસ – ૩ અ.નિ. લાલજીભાઇ વિશ્રામ ભુડીયા, કેરા

દિવસ – ૪ અ.નિ. જાદવા હીરા હીરાણી ધ.પ. અ.નિ. કેશરબાઇ જાદવા હીરાણી, માનકુવા

દિવસ – ૫ રામજીભાઇ વાલજી જેસાણી હ.સુત કલ્યાણભાઇ, બળદીયા

દિવસ – ૬ અ.નિ.નારાણભાઇ જાદવા ખેતાણી હ.ધ.પ. ગં.સ્વ. સુંદરબાઇ, સુખપર

દિવસ – ૭ ૧. અ.નિ. ધનબાઇ મનજી હાલાઇ હ.સુત જયંતીલાલ મનજી પૌત્રો સુનીલ તથા કૃષ્ણ, સુરજપર ૨. અ.નિ. કરસન નાથા ખીમાણી ધ.પ.અ.નિ.ધનબાઇ કરસન હ.દેવજીભાઇ કરસન, ધ.પ. ધનબાઇ સુપુત્રીઓ લલિતા, રમાબેન, દહીંસરા ૩. કુંવરજીભાઇ દેવરાજ વેકરીયા, ધ.પ.શાન્તાબેન, નારાણપર ૪. અ.નિ. માવજીભાઇ રામજી પિંડોરીયા ધ.પ.અ.નિ. ધનબાઇ માવજી, દહીંસરા ૫. પ્રેમબાઇ રામજી વોરા, કેરા ૬. અ.નિ. રામજી હરજી ખેતાણી, સુખપર ૭. ધનજીભાઇ મુરજી ગામી, કેરા

કથા સમાપ્તિની સભાના સંચાલક પુ.સ્વામી ધર્મચરણદાસજીએ કથા આયોજન, યજમાનશ્રીઓ તથા વિલ્સ્ડન મંદિરની સ્થાપના થી આજ પર્યંતના વિકાસનો ઇતિહાસ ભુજ મંદિરના યોગદાન સહિત રજુ કર્યો. ત્યાર પછી સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ વિલ્સ્ડન મંદિરની વિશિષ્ટ વિગતોની ચર્ચા કરી. પ.હ.ભ. કુંવરજીભાઇ દેવરાજે સહકાર્યકારો ને સાથે રાખી ભક્તિભાવપૂર્વક કરેલી મંદિરની હિફાજત તેમજ ભુજ મંદિર સાથેની આત્મીયતાપૂર્વક સેવાને બિરદાવી હતી.

પ.હ.ત. કુંવરજીભાઇ દેવરાજ વેકરીયાએ મંદિરની સ્થાપના અને વિકાસની વિગતો સાથે સંતોની મંદિરો પ્રત્યેની તથા હરિભક્તો પ્રત્યેની લાગણીભરી સતત સેવાને બિરદાવતાં જણાવ્યું કે આપણા સંતો શારીરિક સુખદુઃખની ચિંતા કર્યા વગર શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે મર્યાદાપાલન સાથે સત્સંગ મંદિરોના વિકાસ તથા હરિભક્તોના કલ્યાણ માટેની કાર્યવાહીમાં જ સલગ્ન રહે છે. આપણને શ્રીહરિએ સુખીઆ રાખ્યા છે એટલે દાન આપી છુટીએ પણ દાનનો સદ્વ્યય અને સંપ્રદાય માટે શ્રમભરી કાર્યવાહી સંતો કરે છે અને આપણને આશીર્વાદ આપે છે.

શાસ્ત્રી સ્વામી કૃષ્ણ સ્વરૂપદાસજીએ વિદેશનાં મંદિરો સાથે ભુજ મંદિરના સંપર્કનો ઘટનાક્રમ અ.નિ. મહંત સ.ગુ.શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીના સંકલ્પની સંભારણા સાથે સંભળાવ્યો. દર છ મહીને સંતમંડળ પરદેશ વસતા હરિભક્તોની ભક્તિ સંપત્તિને અભિવૃધ્ધ કરવા કથાવાર્તા કથા પારાયણો દ્વારા ભક્તિ ભાવનો આનંદ આપવા દરેક મંડળ છ મહીના રોકાય છે, ઉપરાંત દેશમાં પણ ભારતનાં તીર્થયાત્રોના દર્શન પ્રવાસ સાથે દરેક પ્રાંતમાં વસતા હરિભક્તોને કથાવાર્તા દર્શન પારાયણનો લાભ આપે છે વગેરે વિગતો વિસ્તૃત પણે સમજાવી હતી.

સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ કથાના યજમાન પરિવારોનું સન્માન કર્યુ અને આશીર્વાદાત્મક પ્રવચનમાં વિલ્સ્ડન મંદિરની ધાર્મિક ઉપરાંત શિક્ષણ, સ્પોર્ટસ, રમતગમત, બાલમંડળ, યુવક-યુવતી મંડળ વગેરે પ્રવૃત્તિઓને બિરદાવી. વિશેષમાં કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળે ગોઠવેલ ત્રણ દિવસ રાત્રિની શિબિરમાં આજ રાત્રે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવાશે તેમાં ઉપસ્થિત રહી લાભ લેવા હરિભક્તોને પ્રેરિત કર્યા હતા.

સમાપ્તિનું પૂજન આરતિ વગેરે મંદિરના શાસ્ત્રી રાહુલ મહારાજે યજમાનો દ્વારા કરાવ્યું હતું. ભોજનરૂપી પ્રસાદ લેવા સભાપતિ પુ.સ્વામી ધર્મચરણદાસજીએ હરિભક્તોને જણાવ્યું તે સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## પંચાહ્ન કથા પારાયણ

તા.૫-૭-૧૨ થી તા. ૯-૭-૧૨ અષાઢ વદ-૨ બુધવારથી અષાઢ વદ-૬ સોમવાર સુધી પાંચ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કથા પારાયણનું યજમાનપદ ગામ ગોડપરના હાલે ભુજ જાદવજીનગર નિવાસી અ.નિ.પ.હ.ભ.નારણભાઇ હરજી હાલાઇ (શ્રી સ્વામિનારાયણ છાત્રાલયના પૂર્વ ગૃહપતિ)ના સ્મરણાર્થે હ. હીરજીભાઇ નારણ હાલાઇ સુપુત્ર સુરેશ તથા કિશોર રહ્યા હતા. કથા સાથે બે સંહિતાપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથાના વક્તા પુરાણી સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંતોએ વ્યાસ પીઠે બિરાજી સવારના ભાગમાં સ.ગુ.સ્વામી શતાનંદમુનિએ રચેલ ''શિક્ષાપત્રીભાષ્ય'' શાસ્ત્રની કથાનું અને બપોર પછીના ભાગમાં વ્યાસ ભગવાને રચેલ ''શ્રીમદ્ ભાગવતપુરાણ''ની કથાનું રસનીતરતી , છટાદાર, સરળ ભાષામાં શ્રવણ કરાવી શ્રોતા હરિભક્તોને ભક્તિભાવની અનુભૂતિ કરાવી રાજી કર્યા.

કથા નિમિતે તા.૮-૭-૧૨ રવિવાર રાત્રે યજમાન પરિવાર તરફથી થાકરથાળીનો ભક્તિસંગીતમય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કથા સમાપ્તિ પ્રસંગે કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી ધર્મચરણદાસજીએ કથા આયોજન અને યજમાનની પરિચયની વિગતો આપી. ત્યાર પછી પ.પૂ.મહંત સ્વામીને હસ્તે યજમાન પરિવારનું પુષ્પમાળા તથા પહેરામણી ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

મંદિરના શાસ્ત્રી મહારાજે યજમાન પરિવાર દ્વારા સમાપ્તિપૂજન, વક્તા સ્વામીનું પૂજન આરતી વગેરે વિધિ પૂરી થતાં પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમની સમાપ્તિ થઇ.


## હિંડોળા દર્શન-ભુજ

અષાઢ વદ-૨ તા. ૫-૭-૧૨ ગુરુવારથી હિંડોળા મહોત્સવનો પ્રારંભ થયો, એક માસ પર્યંત ચાલનાર આ ઉત્સવમાં પ.પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ.જાદવજી ભગત આદિ વડીલ સંતોની સૂચના તથા આશીર્વાદ સાથે હિંડોળાની સેવામાં વરણી પામેલ સ્વામી હરિસેવકદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી શ્રી વલ્લભદાસજી આદિ સંતો લાઇટ ડેકોરેશન સાથે વિવિધ પદાર્થો વડે રંગબેરંગી આકૃતિઓમાં હિંડોળાઓની રચના કરી શ્રી હરિને પ્રેમથી ઝૂલાવી રહ્યા છે અને ભક્તજનોને દિવ્યભવ્ય રમણીય દર્શન કરાવી રહ્યા છે.

ભુજના સાં.યો.મહંત સામબાઇફઇના માર્ગદર્શન હેઠળ સાં.યો.બહેનો પણ બાઇઓના મંદિરેથી આકર્ષક હિંડોળાની રચના કરી ભક્તોના દર્શન માટે મોકલાવેલ છે. જેમાં પ્રમાણસર આકૃતિઓ અને વિવિધ અનાજ વગેરેના રંગબેરંગી હિંડોળા આકર્ષણ જમાવી ભક્તોને મોજ કરાવે છે.



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં ચાતુર્માસ નિમીત્તે ચાલતી શ્રીમદ્ ભાગવત કથા અંતર્ગત મંદિરના પટાંગણ ભવ્ય જન્મોત્સવ ઉજવાયો. કથાના વક્તા સ્વામી હરિપ્રસાદદાસજીએ સૌને રસતરબોળ કર્યા હતા.



### કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજ આયોજીત ભુજ મંદિરના વિશાળ પટાંગણમાં

# ત્રિરાત્રીય સત્સંગ સભા

પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ.કોઠારી પાર્ષદ જાદવજીભગત આદિ વડીલ સંતોના આશીર્વાદ અને આજ્ઞા સાથે કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળે અષાઢ સુદ-૧૨ તા.૧-૭-૧૨ થી અષાઢ સુદ-૧૫ તા. ૩-૭-૧૨ સુધી ત્રિરાત્રીય સત્સંગ સભાનું આયોજન કર્યુ. આયોજનમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીનું ''સુખ સંભવ છે છતાંય દુ:ખ શા માટે ?'' વિષય પર ઉદ્‌બોધન અને ગુરુપૂર્ણિમા ઉત્સવનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો.

સભાપતિ પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સભામાં ઉપસ્થિત સત્સંગી સમુદાયને કાર્યક્રમની વિગતો સમજાવી અને પ.પૂ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોએ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી અને કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજીને સાથે રાખી દીપ પ્રાગટય કર્યુ.

ત્યાર પછી શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ તેમના વિદ્વતાપૂર્ણ અને મનનીય પ્રવચનમાં માનવી સુખ માટે ફાંફાં મારે છે પરંતુ તેને દુ:ખ પ્રાપ્ત થાય છે એની વિશદ ચર્ચા કરી. સ્વામીએ જણાવ્યું કે સુખ ઇન્દ્રિયોને ભૌતિક સુખની પાછળ છુટી મુકવાથી મળતું નથી. અશાંતિ અને દુ:ખનું એજ કારણ છે. ઇશ્વર ભક્તિ, સંત સમાગમ અને કથા શ્રવણનો મહાવરો રાખી જીવીએ તો જીવને શાન્તિ અને સુખ અવશ્ય મળે છે. સ્વામીએ કુસંપ અને સ્ત્રીને પણ દુ:ખનાં કારણ ગણાવતાં જણાવ્યું કે કુસંપથી રાજાઓએ રાજ ગુમાવ્યા છે, અનેક પરિવાર છિન્નભિન્ન થયાં છે. સ્ત્રીને કારણે મહાભારત જેવાં સંહારક યુધ્ધ થયાં છે. ભાઇ-ભાઇ વચ્ચે ઝેરનાં વૃક્ષ ઊગ્યાં છે. હક વગર પારકું ધન હડપ કરી લેવામાં પણ દુ:ખનાં મૂળ રહેલા છે. બીજા દિવસની રાત્રિ સભામાં સત્સંગ સમાજમાં સત્સંગીને દુ:ખ ન હોવું જોઇએ. છતાં સત્સંગીએ પણ દુ:ખની મહેમાની કરવી પડે છે તેનું કારણ ભક્તિમાં શિથિલતા, ભગવાનનું માહાત્મ્ય સમજવામાં કચાશ અને દઢ શ્રધ્ધાનો અભાવ વગેરે કારણો કથા શાસ્ત્રોના તથા સમાજનાં ઉદાહરણો આપીને વિસ્તૃત પણે છટાથી સમજાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં.

ત્રીજા દિવસની અષાઢ સુદ-૧૫ની રાત્રિ સભામાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવવામાં આવ્યો. આપણા સમસ્ત સત્સંગ સમાજના ગુરુપદે મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી બિરાજતા હોઇ તેમનું ગુરુ તરીકે પૂજન કરવામાં આવ્યું.

વડીલ સંતો સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુકતદાસજી, સ.ગુ.સ્વામી ધર્મવલ્લભદાસજીએ પ.પૂ.મહંત સ્વામીને ચાંદલો કરી પુષ્પમાળા પહેરાવી પૂજન કર્યુ હતું. તે પછી મંદિરના મુખ્ય કોઠારી રવજીભાઇ ભુડીયા, ટ્રસ્ટી શ્રી ખીમજીભાઇ હાલાઇ, મુરજીભાઇ શીયાણી, શશીકાન્તભાઇ, ધીરજભાઇ, પૂર્વકોઠારી મહેશભાઇ ઠક્કર, મહેશભાઇ બાવા વગેરે હરિભક્તોએ ચાંદલો કરી ફૂલહાર પહેરાવી પૂજન કર્યુ હતું.

પ.પૂ.મહંત સ્વામીએ ગુરુ અને ગુરુપૂર્ણિમાનું માહાત્મ્ય સમજાવી સૌને આશીર્વાદ આપ્યા હતાં.

## પ્રસાદી મંદિરે કથા પારાયણ

ભુજ નગરીનું જુનુ ભૂકંપ પછી જિર્ણોધ્ધાર પામેલું શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રસાદીના મંદિર તરીકે ખ્યાતિ પામ્યું છે. હાલમાં કથા પારાયણ તથા હિંડોળા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

તાજેતરમાં તા.૩-૭-૧૨ થી તા.૭-૭-૧૨ સુધી પચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું. યજમાનપદે અ.નિ.ધનબાઇ પ્રેમજી ભુડીયા, અ.નિ.પ્રેમજી દેવજી ભુડીયા, અ.નિ. કાનબાઇ દેવજી ભુડીયા, ગામ સુખપર (રોહા) હાલે લંડન સહપરિવાર હ. મનજી પ્રેમજી ભુડીયા રહ્યા હતાં.

કથાના વક્તા પુરાણી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીએ વ્યાસપીઠે બિરાજી વાસુદેવ માહાત્મ્યની શ્રીજી મહારાજને પ્રિય કથાનું રસમય શ્રવણ કરાવ્યું. કથા સમાપ્તિ પ્રસંગે પ્રસાદી મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજીએ આશીર્વાદ આપ્યા હતાં.

હાલમાં પુ.સ્વામી કેશવપ્રિયદાસજી શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવી રહ્યા છે. શ્રીમદ્ ભાગવતની કથાનું આયોજન દોઢ માસનું રાખવામાં આવેલ છે.

તા.૧૯-૭-૧૨ થી હિંડોળા મહોત્સવ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સંતો હરિભક્તો સહકારમાં રહીને વિવિધ ભવ્ય રમણીય હિંડોળાનાં દર્શન કરાવી રહ્યા છે.

હરિભક્તો ભક્તિભાવથી કથાશ્રવણ અને હિંડોળા દર્શનનો લાભ માણી રહ્યા છે. સ્વામી ધર્મપ્રસાદદાસજીની સાથે રહી શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુજારી સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી આદિ સંતો કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

## કથા : એક દિવસની અને પાંચ દિવસની

(૧) એકાહ્ન કથા : તા.૧૧-૭-૧૨ અષાઢ વદ-૮ બુધવારે એક દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાના યજમાન પદે ગામ જુની સુખપરન હ.ભ.રવજીભાઇ ગોપાલ ભુવા રહ્યા હતાં.

શાસ્ત્રી સ્વામી ભક્તિચરણદાસજીએ વ્યાસપીઠે બિરાજી ''શિક્ષાપત્રી ભાષ્ય''ની કથાનું રસમય શ્રવણ કરાવી સૌને રાજી કર્યા.

પ.પૂ.સ.ગુ.મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાનશ્રીને ફુલહાર પહેરાવી આશીર્વાદ આપ્યા. યજમાનશ્રી પાસે મંદિરના શાસ્ત્રી મહારાજે પૂજા વિધિ અને આરતી કરાવ્યા પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂરો થયો.

(૨) પંચાહ્ન કથા પારાયણ : તા.૧૨-૭-૧૨ અષાઢ વદ-૮ બુધવાર થી તા.૧૬-૭-૧૨ અષાઢ વદ-૧૩ સોમવાર સુધી પાંચ દિવસની કથાનું આયોજન ગામ નારાણપુર નીચલાવાસના હરિભકત સામજીભાઇ ઝીણા વેકરીયાના યજમાનપદે કરવામાં આવ્યું.

શાસ્ત્રી સ્વામી ભક્તિચરણદાસજીએ વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઇ. સ.ગુ.સ્વામી નિત્યાનંદમુનિકૃત શ્રી ''શિક્ષપત્રી ભાષ્ય'' શાસ્ત્રની કથાનું રસમય શૈલીમાં શ્રવણ કરાવેલું. સ્વામીજીએ શ્રીજી મહારાજે કરેલી આજ્ઞાઓના સંદર્ભમાં શાસ્ત્રો સંસ્કૃત સુભાષિતો તથા દષ્ટાંતોના સંદર્ભે તલસ્પર્શી ચર્ચા સાથે શ્રોતાઓને કથાશ્રવણમાં તલ્લીન કરી આત્માનંદ આપી રાજી કર્યા.

પ.પૂ.મહંત સ્વામીએ યજમાન પરિવારનું ફૂલમાળા અને પહેરામણી ભેટ દ્વારા સન્માન કરી શુભ આશીર્વાદ આપ્યા.

મંદિરના શાસ્ત્રી મહારાજ મહેશભાઇએ યજમાન પરિવાર દ્વારા પૂજનવિધિ અને આરતી કરાવ્યા પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂરો થયો.

## અધિકમાસ – ઉત્સવો

ચાલુ વિક્રમ વર્ષમાં તા.૧૮-૮-૧૨ અધિક ભાદરવા સુદ-૧ શનિવાર થી અધિક માસ બેસે છે. અધિકમાસની સમાપ્તિ તા. ૧૬-૯-૧૨ અધિક ભાદરવા વદ-૩૦ રવિવારે થશે. આપણા મંદિરમાં વર્ષ દરમ્યાન ઉજવવામાં ાવતા તહેવારોના ઉત્સવો અધિકમાસ દરમ્યાન તિથિ અનુસાર ઉજવવામાં આવશે.

દર ત્રણેક વર્ષે આવતો પુરુષોત્તમ માસ તરીકે જાણીતો અધિકમાસ ભક્તજનોને શ્રીહરિ પ્રસન્નતાર્થે, આત્મકલ્યાણર્થે તેમજ પિતૃમોક્ષાર્થે કથા આયોજન, ભગવદ ભક્તિ, વ્રત, તીર્થસ્નાન, બ્રાહ્મણોને ભોજન, દક્ષિણા, ગાયમાતાને ઘાસચારો, હાજતમંદોને દાનસેવા વગેરે સાધનો દ્વારા શ્રીહરિને રાજી કરવાની અને પુણ્યની કમાઇ કરી લેવાની વિશેષ તક આપે છે.

## હિમાલય દર્શન – પ્રદર્શન



ભગવાન નીલકંઠવર્ણીએ જેની રજકણોને પોતાના ચરણ સ્પર્શથી તીર્થરૂપ બનાવી છે, જ્યાંથી વિશ્વને તપ, ત્યાગ અને નૈષ્ઠિક બ્રહ્મચર્યનો સંદેશ આપ્યો છે, જ્યાં સમાજ માટે ધર્મ અને આચરણની સરિતા વહાવી છે, જ્યાંથી રોગીની સેવાનું અને 'કૃતઘ્ની સંગ ન કર્તવ્યઃ'નું જ્ઞાન આપ્યું છે, જ્યાંથી અદ્ભુત પરચા તથા ઐશ્વર્યમય લીલા ચરિત્રોથી સ્વયં નરનારાયણદેવનો અવતાર હોવાનો સંકેત આપી દીધો છે અને સાધુવેશે રાજા તથા પ્રજાને ઠગતા અસુરોનો ધ્વંસ કર્યો છે એવા ભારતના ગૌરવશાળી હિમાલયનું દર્શન પ્રદર્શન તા.૧૪-૭-૧૨ શનિવારે બપોર પછી ૪.૩૦ વાગ્યે ખુલ્લું મુકવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત સ.ગુ.સ્વામી રામસ્વરૂપદાસજીએ એકાદશી માહાત્મ્ય અને વચનામૃતનાં મંગલ કથનો દ્વારા શ્રીહરિની સ્તુતિ સાથે કરી.

ત્યાર પછી ઉદ્બોધન કરતાં કોઠારી પાર્ષદ પ.પૂ.જાદવજી ભગતે પ્રદર્શનનાં પ્રેરક દશ્યો અને યુવક મંડળના પરિશ્રમ અને જહેમતની નોંધ લીધી. વડીલ સંત સ.ગુ.પ્રેમપ્રકાશદાસજીએ પ્રસંગનું મહત્ત્વ, હરિભક્તોની સેવા અને શ્રી નરનારાયણદેવમાં નિષ્ઠાની પ્રશંસા કરી આશીર્વાદ આપ્યા.

સભાપતિ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ હિમાલય દર્શન પ્રદર્શનના વિવિધ ભાગોની માહિતી આપી પ્રદર્શનના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન તથા પ્રદર્શનમાં હિંડોળા, ગુફા, હિમાલયનું આરતી સાથે ઉદ્ઘાટન આદિ વિવિધ ભાગોના યજમાનોની આંકની બોલી સાથે માહિતી રજુ કરી. તે મુજબ નીચે જણાવ્યા પ્રમાણે યજમાન હરિભક્તોએ લાભ લીધો.

## ''મુખ્ય ગેઈટ''

દબાસીયા હાઇડ્રોલીકસ હા.રામજી ગોપાલ દબાસીયા ધ.પ.શાન્તાબેન, લાલજી ગોપાલ દબાસીયા ધ.પ.રમીલાબેન, શાંતીલાલ ગોપાલ દબાસીયા ધ.પ. અમૃતબેન -માનકુવા

## ''હિમાલય ઓપનીંગ''

અ.નિ. જાદવા રામજી કેરાઇ હા.લાલજી જાદવા કેરાઇ ધ.પ.પ્રેમલાબેન લાલજી કેરાઇ પુત્ર દિપક તથા પ્રીયેશ સહપરિવાર - નારણપર ની.વાસ

''હિંડોળા નં. ૧'' (ચણોઠી તથા ચોખા), મુરજીભાઇ કરસન શીયાણી પુત્ર વિનોદ, રવી તથા કાન્તી - ભુજ

''હિંડોળા નં. ૨'' (દિવાસળી), નારણ મનજી કેરાઇ પુત્ર અ.નિ.કલ્યાણ નારણ કેરાઇ પુત્ર કાન્તી નારણ કેરાઇ પૌત્ર ઉમેશ તથા નંદુ, કૌશીક, દેવેન સહપરિવાર - બળદીયા ઉ.વાસ

''હિંડોળા નં. ૩'' (ફૂલવાટ), ભૂપેન્દ્રભાઇ માવજી ઠક્કર ધ.પ. હર્ષાબેન પુત્રી કીન્નરી તથા નીધિ અને લાલજી મનજી ગાજપરીયા પુત્ર સુરેશ પૌત્ર વિનોદ તથા જયેશ - ભુજ

''હિંડોળા નં. ૪'' (થર્મોકોલના દાણા), વાલજી કરસન હીરાણી સહપરિવાર - બળદીયા ની.વાસ

''હિંડોળા નં. ૫'' (અગરબત્તી), રવજી માવજી ભુડીયા ધ.પ.વેલબાઇ રવજી ભુડીયા સહપરિવાર - માધાપર


''હિંડોળા નં. ૬'' (ઝરીનો), રાધાબાઇ પરબત રાજાણી, પ્રેમીલાબેન ખીમજી રાજાણી, દક્ષાબેન રામજી રાજાણી, દક્ષાબેન વિશ્રામ રાજાણી, વર્ષાબેન અરજણ રાજાણી, તેજબાઇ મુરજી પીંડોરીયા - રામપર

''હિંડોળા નં. ૭'' (સંતારાનો), ગોપાલભાઇ કાનજી વરસાણી ધ.પ.ધનબાઇ ગોપાલ વરસાણી સુત નારણ તથા મહેશ પૌત્ર તેજશ સહપરિવાર - સામત્રા

''હિંડોળા નં. ૮'' (બટન), દેવશીભાઇ વેલજી હાલાઇ ધ.પ.તારાબેન દેવશી હાલાઇ, પ્રફુલભાઇ વેલજી હાલાઇ ધ.પ.કાન્તાબેન પ્રફુલભાઇ હાલાઇ - સુરજપર (મોમ્બાસા)

''હિંડોળા નં. ૯'' (હાથ-રૂમાલ), ગોકુળ હોથી કારોત્રા સહપરિવાર - રાપર હાલે મુંબઇ

''હિંડોળા નં. ૧૦'' (મેંદીનો), સાં.યો.નાનબાઇ કરસન વરસાણી - કેરા



## ''હિમાલયની ગુફા''

• ગોવિંદભાઇ ધનજી રાબડીયા ધ.પ. વનીતાબેન ગોવિંદ રાબડીયા સુત ઘનશ્યામ પુત્રી કીંજલ સહપરિવાર - રામપર હાલે ભુજ, • અ.નિ. ગૌરીશંકર હીરજી ઠક્કર તથા અ.નિ. વેલીબેન ગૌરીશંકર હા.શશીકાન્તભાઇ ગૌરીશંકર ઠક્કર તેમજ વિનોદભાઇ તથા અરવિંદભાઇ સહપરિવાર - ભુજ, • રવજી કરસન ભુડીયા - ફોટડી, • માધવજી સામજી ભુડીયા - નારણપર હાલે ભુજ, • ધનજી નારણ મનજી વરસાણી ધ.પ. વાલબાઇ - સામત્રા, • રવજી મુરજી હાલાઇ - કોડકી, • અંબાપ્રસાદ ત્રવાડી - ભુજ, • ભારતીબેન જ્યોતીન્દ્ર બ્રહ્મભટ્ટ - ભુજ, • અ.નિ. જેઠાભાઇ ગોરધનભાઇની પુણ્યસ્મૃતિમાં હા.નીલેશભાઇ (ફુટવાળા) - ભુજ, • વાલજી કરસન રાબડીયા હા.સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી - બળદીયા

આ પ્રસંગે સંતો સાં.યો.બહેનો, મંદિરના તથા સમાજના હોદ્દેદારો, અગ્રણી કાર્યકર્તાઓ અને હરિભક્ત ભાઇ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

જિલ્લા ન્યાયાધીશ સાહેબ માનનીય શ્રી

બ્રહ્મભટ્ટ સાહેબ, પી.આર.ઓ.શ્રી વિનોદભાઇ સાહેબ વગેરે વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમનું તથા યજમાનો, સેવાભાવી કાર્યકરો તથા દાતાઓનું પ.પૂ.મહંત સ્વામીને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

યજમાન પરિવારોના તથા દાતાઓના મહિલા બહેનોનું સન્માન બાઇઓના મંદિરમાં ભુજનાં સાં.યો. મહંત સામબાઇફઇના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા કોઠારી સ્વામી દિવ્ય સ્વરૂપદાસજી કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહ્યા હતા.

પ.પૂ.સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદન દાસજીએ ઉદ્‌બોધન કરતાં પ્રસંગનું મહત્ત્વ સમજાવી સંતો હરિભક્તોએ કરેલ પરિશ્રમને ધન્યવાદ આપ્યા હતા. યજમાન દાતાઓ નરનારાયણદેવની સેવા કરે છે તેનું ફળ અચૂક પ્રાપ્ત થાય છે. મહંત સ્વામીએ સેવારત રહી હિમાલય દર્શન પ્રદર્શનની તૈયારી કરવામાં યોગદાન આપના સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનો વિશેષપણે નામજોગ ઉલ્લેખ કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ્રદર્શનમાં શ્રી નરનારાયણદેવના અવતારોના ખાસ પ્રસંગો, ભગવાન નીલકંઠવર્ણીના હિમાલયમાં અલોકિક દિવ્ય આશ્ચર્યમુગ્ધ કરતાં લીલા ચરિત્રો, વિવિધ વસ્તુઓની નયનરમ્ય રચનાથી આકર્ષણરૂપ બનેલા, શ્રીહરિને ઝુલાવતા ૧૦ હિંડોળા, હિમાલયની અંધકારમય લાંબી ગુફા વગેરેનું દર્શન કરતાં સૌ કોઇ આનંદમગ્ન બન્યા હતા. હિમાલયના નરનારાયણ પર્વત ઉપર જનકલ્યાણ માટે તપ કરતા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવનું પર્વતના શિખર ઉપરના હર્ષવિભોર કરતા દર્શને દર્શનાર્થીઓની દૃષ્ટિને સ્થિર કરી દેતાં અને ચિત્તને બંધનગ્રસ્ત કરી લેતાં સૌ સ્તબ્ધ બની રહ્યા હતા. રંગ રાખ્યો ભવ્ય અલૌકિક દર્શન-પ્રદર્શને !

## ભુજ શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં ભવ્યકલાત્મક હિંડોળા ઉદ્‌ઘાટન

હિંડોળા ઉત્સવ વર્ષોથી હિન્દુ સનાતન ધર્મમાં ઉજવાતા આવે છે. વડતાલમાં નિષ્કુળાનંદ સ્વામીએ ૧૨ બારણાવાળો હિંડોળો બનાવીને સ્વામિનારાયણ ભગવાનને પધરાવી ઝુલાવ્યા હતા, આમ વર્ષોથી ચાલી આવતી આ પરંપરા આજ પણ હિંડોળા મહોત્સવ સ્વરૂપ ઉજવાઇ રહી છે. આ વર્ષે ભુજના સ્વામિનારાયણ પ્રસાદી મંદિરમાં ૧૨ કલાત્મક હિંડોળા છે તેમાં એક ૨૦ ફૂટનો હિંડોળો છે. તેમજ શ્વેતગીરી કૈલાશમાં ભગવાન મહાદેવ તેમજ શગરામ વાઘરીને ઘેર સ્વામિનારાયણ ભગવાન પધારી વાઘરી સમાજનો ઉદ્ધાર કર્યો.







અને આધોઇના કચરા ભગતને ત્યાં દુકાનમાં બેસીને ભક્તનું કામ ભગવાને કર્યુ. આવી લીલાનું દર્શન કરાવતું પ્રદર્શન તેમનું ઉદ્‌ઘાટન તા.૧૯-૭-૨૦૧૨ ગુરૂવારે ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી પ્રસાદી મંદિરના મંત સ.ગુ.કૃષ્ણપ્રસાદદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી કોઠારી દિવ્યસ્વરૂપદાસજી, જાદવજી

ભગત વિગેરે વડીલ સંતોના હસ્તે કરવામાં આવ્યું હતું. આમા ૨૦ ફુટનો હિંડોળાના મુખ્ય યજમાન ગામ રામપુરના હાલે લંડન રહેતા હીરજીભાઇ વાલજી હીરાણી (કીંસ્બરી-ફુટ અંડવેઝ) માતૃશ્રી લાલીબેન વાલજી ધ.પ.વનીતાબેન હીરજી તથા પુત્ર રાજે પુત્રી અનિતા અને જેસીકા આ પરીવાર યજમાન બની મહંત સ્વામીના આશીર્વાદ લીધા હતા.

તેમજ અન્ય હિંડોળાના યજમાન ગામ વાડાસરના સર્વ હરિભક્તો સાંખ્યયોગી બહેનો, ગામ દહિંસરાના અ.નિ. ધનજીભાઇ વાલજી માયાણીના સુપુત્રો ગોપાલભાઇ તથા રામજીભાઇ, રામપુર વેકરાના વાઘજીભાઇ કલ્યાણના પુત્રો નીતીન તથા ધીરજ, ગામ બળદીયાના નારણભાઇ મનજીનો પરીવાર તેમજ ભચાઉ હાલે મુંબઇ રહેતા સત્સંગી વણીક ભક્તોએ યજમાન પદનો લાભ લીધો હતો.

આ હિંડોળામાં વિદ્યાર્થી સંતો સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તથા ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી ભક્તિવેદાંતદાસજી તથા સ્વામી દેવનંદનદાસજી, પાર્ષદ જયદીપ ભગત, સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી તથા કોઠારી કેશવપ્રિયદાસજી તેમજ આપણા ભુજ મંદિરમાં અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થી સંતોએ ખૂબ જ મહેનત કરીને હિંડોળામાં સેવા કરીને સંતો હરિભકતોનો રાજીપો લીધો હતો. યજમાનો, સેવાભાવી હરિભકતો તથા જહેમત લેનાર સંતોનું મહંત સ્વામીના વરદ્ હસ્તે સન્માન કરાયું હતું. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કર્યુ હતું.

લી.પુરાણી વિશ્વવલ્લભદાસજી, ભુજ

## ચમક ઝમક

૧) તા.૨૧-૬-૧૨, અષાઢ સુદ-૨ ગુરુવારે પૂજારી મંડળના સંતોએ શ્રી ઘનશ્યામ મહારાજને મોગરાનાં થવલ પુષ્પોના શણગારથી કરેલી સજાવટથી દિવ્યદર્શનનો લાભ આપ્યો.

(૨) તા. ૨૨-૬-૧૨ શુક્રવારે પુષ્ય નક્ષત્રનો યોગ હોવાથી રથયાત્રાના ઉત્સવ નિમિત્તે શ્રી હરિએ રમણીય સજાવટ વાળા રથમાં બિરાજી દર્શન આપ્યાં. પ.પૂ.સ.ગુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રીહરિની આરતી ઉતારી. હરિભક્તોએ ભવ્ય દર્શનનો આનંદ માણ્યો.

(૩) તા. ૨૭-૬-૧૨ અષાઢ સુદ-૮ બુધવારથી મંદિરના સભામંડપમાં ચાતુર્માસ કથાનો પ્રારંભ કરવામાં આવ્યો. પ.પૂ.મહંત સ્વામીએ હરિભક્તોને કથાનો લાભ લેવા અનુરોધ કર્યો. દરરોજ સવારના ભાગમાં વ્યાસ ભગવાને રચેલ શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી આદિ સંતો કરાવી રહ્યા છે. કથાની સમાપ્તિ જન્માષ્ટમીએ થશે.

(૪) તા. ૨૭-૬-૧૨ અષાઢ સુદ-૮ બુધવારે રાત્રે ૯.૦૦ વાગે જાદવજીનગર (ભુજ) નિવાસી હરજીભાઇ નાથા વરસાણીએ સુપુત્રી દિવ્યાના લગ્ન પ્રસંગ નિમિત્તે ઠાકરથાળીનો ઉત્સવ કરી ભક્તજનોને ભક્તિભાવનાનો આનંદ કરાવ્યો.

(૫) બાઇઓના મંદિરે ચાતુર્માસની પ્રત્યેક એકાદશીએ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું. સાં.યો.મહંત સામબાઇફઇએ ક.યો.બહેનોને મહાપૂજાનું માહાત્મ્ય સમજાવી મહાપૂજાનો લાભ લેવા પ્રેરિત કર્યાં. બહેનો ઊમળકા, ઉત્સાહ અને ભક્તિ આનંદ સાથે મોટી સંખ્યામાં મહાપૂજાનો લાભ લઇ રહ્યાં છે.

(૬) તા. ૩૦-૬-૧૨ અષાઢ સુદ-૧૧ શનિવારે દેવશયની એકાદશી-નિયમની એકાદશી હોવાથી પ.પૂ.મહંત સ્વામીએ દેવશયની એકાદશી તેમજ નિયમની એકાદશી તરીકેનું માહાત્મ્ય સમજાવ્યું. હરિભક્તોને શ્રીજી મહારાજે કરેલી આજ્ઞા પ્રમાણે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આપેલા નિયમો પૈકી નિયમ લેવા પ્રેરણા આપી. હરિભક્તોએ મહંત સ્વામીને પગે લાગી નિયમ ધારણ કર્યા. તેમજ શાસ્ત્ર પ્રમાણે દૂધ, શાક, દહીં, કઠોળ નિર્દેશ કરવામાં આવેલ માસ પ્રમાણે ન ખાવાના નિયમ લીધા.

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળામાં સરસ્વતી સન્માન યોજાયું

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળામાં તારીખ : ૦૧/૭/૨૦૧૨ના રોજ દર વર્ષની જેમ સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ સરસ્વતી સન્માન કાર્યક્રમમાં શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી તથા પુરાણી ભક્તિનંદનદાસજી સ્વામી તેમજ પાઠશાળાના ટ્રસ્ટીઓમાં અધ્યક્ષશ્રી ગુલાબશંકરભાઇ ગોર, પ્રમુખશ્રી શિવજીભાઇ પાધરા, મંત્રીશ્રી કરસનભાઇ હાલાઇ તથા સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને વેદઘોષથી થઇ હતી. મહેમાનોનું સ્વાગત ફુલહારથી કરવામાં આવ્યું તેમજ પાઠશાળાના આચાર્યશ્રી દુર્ગેશભાઇ ભટ્ટએ પ્રાસંગિક પ્રવચનમાં સરસ્વતી સન્માન એટલે જ્ઞાનનું સન્માન પૂજન છે કોઇ વ્યકિતની પૂજા નથી. એવું જણાવી ઉત્તમ પરિણામ લાવવા હાકલ કરી અને પાઠશાળાનું ધો. ૧૦ અને ધો. ૧૨નું પરિણામ ૧૦૦ % આવ્યું છે તેની જાહેરાત કરી અને ધો. ૮ થી ધો. ૧૨ સુધીના પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા સંતો અને ટ્રસ્ટીના હસ્તે ઇનામ અર્પણ કરાયા હતા. ધો. ૧૦માં પ્રથમ સ્થાને જોષી જયેશ અરવિંદભાઇ, દ્વિતીય સ્થાને જોષી કુલદિપ લીલાધરભાઇ, તૃતીય સ્થાને ત્રિવેદી સુમિત પ્રભુલાલ તેમજ ધો.૧૨માં પ્રથમ સ્થાને ત્રિવેદી વિરલ ઉમેદભાઇ, દ્વિતીય સ્થાને અબોટી ગૌતમ મહેશચંદ્ર, તૃતીય સ્થાને ઉપાધ્યાય ઉજ્જ્વલ અશ્વિનભાઇ અને પંડ્યા મયુર નિતીનભાઇ રહ્યા હતાં.

ટ્રસ્ટીશ્રી જનકભાઇએ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને નીમી અગિયારસનું મહત્ત્વ સમજાવતાં વિદ્યાર્થીજીવનમાં નિયમોનું મહત્ત્વ હોવું જોઇએ. સ્વામીશ્રી હરિવલ્લભદાસજી કહ્યું કે વિદ્યાર્થીઓ કેન્દ્ર સ્થાને છે જેમ મંદિરમાં ભગવાન મુખ્ય હોય છે તેમજ સંસારમાં વેદોને ટકાવવા માટેની જવાબદારી બ્રાહ્મણોની છે. એટલે ઋષિકુમારોએ યોગ્ય વેદાભ્યાસ કરી સમાજની સેવા કરવાની છે અને અંતે ઉપનિષદની આખ્યાયિકા દ્વારા જનકરાજા અને અષ્ટાવક્રઋષિનું સુંદર ઉદાહરણ આપી સંસ્કારી થઇ જ્ઞાન મેળવવું જોઇએ. ગુલાબશંકર મહારાજે પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે બાળકમાં અનેક વિષયોનું જ્ઞાન પડેલું જ હોય છે તેને જાગૃત કરવાની જરૂર છે અને અંતે આભાર વિધિ વિપુલભાઇ મહેતાએ કરી અને કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષકો પણ હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય દુર્ગેશભાઇ કર્યુ હતું.

અહેવાલ : દુર્ગેશભાઇ ભટ્ટ, સુખપર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, માંડવી ખાતે થયેલ ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, માંડવી ખાતે 'ગુરુપૂર્ણિમા' પર્વની ઉજવણી વિવિધ કાર્યક્રમો સાથે કરવામાં આવી હતી. શહેરના જાણીતા શિક્ષણવિદ્ ખી.રા.કન્યા વિદ્યાલયના ભૂતપૂર્વ શિક્ષિકા અને રાજ્ય શ્રેષ્ઠ પારિતોષિક શિક્ષિકા શ્રી ક્રિષ્નાબેન મિસ્ત્રીએ પ્રેરક ઉદ્‌બોધનમાં પૌરાણિક સંદર્ભો ટાંકીને સાંપ્રત સમય અને ગુરુ તથા શિષ્યો ઉભય બંનેની ફરજો અને નિષ્ઠા વિષેના મંતવ્યો રજૂ કર્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ પણ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો તેમજ 'ગુરુનું મહત્ત્વ' સમજાવતા ભજનો પણ રજૂ કર્યા હતા. ઉપરાંત નિબંધસ્પર્ધા તેમજ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ પ્રાસંગિક વકતવ્ય સાથે આભારવિધિ પણ કરી હતી. તેમજ તેમના વરદ્ હસ્તે શ્રી ક્રિષ્નાબેનને શાલ ઓઢાડીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શિ.શ્રી જે.એચ. મહેતાએ કર્યુ હતું.

અહેવાલ : મદનસિંહ ચાવડા

## માંડવી : ભવ્ય હિંડોળા, દાદાનો દરબાર



એકાદશીના પવિત્ર દિવસે પૂજ્ય સ.ગુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા માંડવીના મહંત સ્વામી ભગવદ્જીવનદાસજી તથા યજમાન પરિવારના કરકમલો દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું. મંદિરમાં મુખ્ય ત્રણ હિંડોળા ચાંદીના, દાગીના, પૈસાનો અને સૂકામેવાનો તથા દરબારના નવ ઓરડા, અક્ષરઓરડી અને બહેનોના મંદિરનો હિંડોળો આ દરેકની આરતી મહંત સ્વામી તથા યજમાન દ્વારા કરવામાં આવી હતી. આ ભવ્ય દાદાના દરબારનું નિર્માણ કોઠારી સ્વામીના સહયોગથી શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજી તથા પૂર્ણપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ

શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી મધ્યે વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજની તથા મહંત સ્વામીની આજ્ઞા આશીર્વાદથી દર વર્ષની જેમ આ વર્ષે જ્યાં ભગવાન સ્વામિનારાયણ ૨૯ વર્ષ રહ્યા હતા. એવો ગઢપુરનો દાદાખાચરનો દરબાર અને અક્ષર ઓરડીની પ્રતિકૃતિરૂપે ભવ્ય દાદાનો દરબાર અને દિવ્ય અક્ષરઓરડી તૈયાર કરવામાં આવી છે જેમાં કલાત્મક બાર હિંડોળા, પ્રદર્શન મુકવામાં આવ્યા છે. જેનું ઉદ્‌ઘાટન તા.૧૪-૭-૨૦૧૨ના શનિાર અષાઢ વદ

કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ પીયાવા, નાગલપર, માંડવી, ડોણ, ગોધરા, ભારાપર વગેરે યુવક મંડળના યુવાનોએ સારી સેવા આપી હતી. તથા સાંખ્યયોગી બહેનો તથા યુવતી મંડળની બહેનોએ પણ સારી સેવા આપી હતી. આયોજનનો કાર્યભાર કોઠારી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તથા કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ સંભાળ્યો હતો. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ : સ્વામી વેદાંતસ્વરુપદાસજી

## શ્રી સ્વામિનારાયણ મંદિર – ફોટડી

ફોટડી ગામમાં તા.૨૯-૬ થી ૩-૭-૧૨ સુધી રાત્રિ પાંચ દિવસનું પારાયણ કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના દિવસે સમાપ્તિ થઇ હતી અને તેના વક્તા પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી શ્રીરંગદાસજી એમ અલગ અલગ વિષય ઉપર સત્સંગનો લાભ આપ્યો હતો અને સભાપતિ સ્વામી ભક્તિપ્રિયદાસજી રહ્યા હતા. અલગ-અલગ દિવસના પ્રસાદીના યજમાન હતા તથા ગુરુપૂર્ણિમાના દિવસે મહાઆરતીનું આયોજન થયું હતું. છઠ્ઠા દિવસે ઠાકરથાળીના આયોજન બાદ આખા ગામને સાંજે ભોજનરૂપી પ્રસાદ આપવામાં આવ્યો હતો અને તેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળમાં જેમને વધારે હાજરી હતી તેમને વચનામૃતનું વિતરણ કરાયું હતું. નાની બાલિકાઓને કીર્તનની ચોપડીઓ આપી હતી. તેમના યજમાન ભૂડીયા લાલજી કેસરાના જન્મ દિવસ નિમિત્તે આપેલ હતું. સંતોના હાથે વિતરણ કરવામાં આવ્યું હતું.

લી. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના
ભૂડીયા કાન્તીલાલ રત્ના

## હિંડોળા – રાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર-રાપરના પટાંગણમાં ધામધૂમથી હિંડોળા ઉત્સવ ઉજવાયો હતો.

વિશેષમાં તા.૧૭-૭-૧૨ના રોજ ૧૨ હિંડોળા તેમજ ૨૧ વિવિધ સાંસ્કૃતિક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ભુજ સ્વામિનારાયણ મંદિરનાના સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી સનાતનદાસજી, સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી પરમેશ્વરદાસજી, સ્વામી પરબ્રહ્મદાસજી આદી વડીલ સંતો દ્વારા પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું જેના મુખ્ય યજમાન ગોકળ હોથી કારોત્રા, ભરત ડબલરોટી પરિવાર, રણછોડ કેશરા સાંઢા, લખમણ મેઘજી ગાજપરા રહ્યા હતા. સમગ્ર સભાનું સંચાલન રાપર – ગુરૂકુળના શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કર્યુ હતું.

સમગ્ર હિંડોળાનું આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રાપરના યુવાનો તેમજ યુવતી મંડળની બહેનો એ કર્યુ હતું.

તા.૩-૮-૧૨ છેલ્લા દિવસે હિંડોળા સમાપનની સમૂહ મહાઆરતી કરી હિંડોળાની ઉત્સવની ધામધૂમથી સમાપ્તી કરવામાં આવશે.

અહેવાલ : દાવડા કેતન ભરતભાઇ

## શ્રી સહજાનંદ ગુરૂકુલ, માનકુવા મંગલ મહોત્સવ

**તારીખ સુધારો તા. ૧૮-૧૧-૨૦૧૨ થી ૨૨-૧૧-૨૦૧૨ નવેમ્બર**

**ખાસ નોંધ :- ગુરૂકુલના મંગલ મહોત્સવ ઉજવણીની જાહેરાત તા. ૨૯ નવેમ્બર થી તા. ૦૪ ડીસેમ્બર ૨૦૧૨ના રાખવામાં આવેલી હતી, અને ગુરૂકુલના ઉત્સવમાં શ્રી નરનારાયણદેવ પિઠાધિપતિ પ.પુ. આચાર્યશ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ પધારવાના હતા. પરંતુ મહારાજશ્રીનો ઉપરોક્ત તારીખનો પ્રોગ્રામ કારણવશાત યુ. એસ. એ. જવાનો થયો હોવાથી ઉપરોક્ત તારીખમાં સુધારો (ફેરફાર) કરવામાં આવે છે. તા. ૧૮-૧૧-૨૦૧૨ થી ૨૨-૧૧ -૨૦૧૨ નવેમ્બર દરમ્યાન ગુરૂકુલને આંગણે ઉત્સવ ઉજવાશે. તેની નોંધ પત્ર વાંચકોએ લેવા વિનંતી.**

મંગલ મહોત્સવમાં દાનવીર દાતાશ્રીઓ, સેવાભાવી, વિદ્યાપ્રેમી, ભક્તો, સજ્જનો, ભાઇ, બહેનોને અવશ્ય પધારવા આગ્રહભર્યું ભાવ સભર નિમંત્રણ પાઠવીએ છીએ. આમંત્રણ પત્રિકા પછીથી મોકલાવશું.

## આવો અંજારમાં ઘનશ્યામ મહારાજનો અનેરો ઉત્સવ ઉજવીએ

આવો ઊજવીએ, અર્ધ (૫૦) શતાબ્દી મહોત્સવ

સ.ગુ. મુક્તાનંદ સ્વામીની કૃપાએ આપણને સત્સંગ મળ્યો, મહારાજ મળ્યા અને શ્રી નરનારાયણદેવ આપ્યા. મહારાજે તેના શરણે અને ચરણે રહેવાની આજ્ઞા કરી.

મહારાજના કચ્છ વિચરણ દરમ્યાન અંજારના ભક્તો ચાગબાઇ, ધરમશીભાઇ વગેરેની ભાવના તથા ભક્તિને કયારેય ભૂલાય નહીં. આ વિસ્તારમાં અક્ષરજીવનદાસજી સ્વામીના પ્રયત્ને કુંભારીયા, સિનોગ્રા, દેવડીયા, નિંગાળ, વાગોરા જેવાં અનેક ગામોમાં સત્સંગ થયો. તેમાંનું એક ગામ અંજારમાં અહીં વિ.સં.૧૯૧૦માં અક્ષરજીવનદાસજી સ્વામીના પ્રયત્ને પહેલું મંદિર થયું તેને આજે ૧૫૭ વર્ષ થયાં. સમય પસાર થતાં સ.ગુ.શા.ધર્મજીવનદાસજી સ્વામીએ અહીંના વિસ્તારનું ભાવિ જોઇને શિખરબંધ મંદિરની શરૂઆત કરી અને ઘનશ્યામ મહારાજ પધરાવ્યા. આ સમયમાં મિસ્ત્રી ભક્તોની સેવા સદાય સ્મરણીય રહેશે.

આ પ્રસંગે આજે ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. તે નિમિત્તે ચૈત્ર સુદ-૧ થી ચૈત્ર સુદ-૫ તા. ૧૧ થી ૧૫ એપ્રિલ-૨૦૧૩ સુધી ઘનશ્યામ મહારાજનો અર્ધશતાબ્દી મહોત્સવ ઉજવવાનું ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ આજ્ઞા કરી છે. તેને ખૂબ ખંત અને ઉત્સાહ સાથે તન, મન, ધન અને ધગશથી ઉજવવા માટે તૈયાર રહીએ.

## અંજાર સ્વામિનારાયણ મંદિરે ઉજવાયા ઉત્સવ ઉમંગથી...



**મહાપુજા :** શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારના મહંત સ્વામી હરિજીવનદાસજીની નિશ્રામાં અષાઢ સુદ-૧૧ એટલે નીયમની એકાદશીના હરિભક્તોએ ચાર્તુમાસમાં નીયમો લીધેલાં હતાં. તેમજ ૩૦૦ જેટલાં હરિભક્તોએ સભાખંડમાં મહાપુજાનો લાભ લીધો હતો. આ પૂજા સ્વામી દેવવિહારીદાસજી અને સ્વામી રામપ્રિયદાસજીએ સંપન્ન કરાવી હતી.

**ગુરુપૂર્ણિમા :** ગુરુપૂર્ણિમાના દિવસે, ગુરુના ગુરુ એવા ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજનું પૂજન કરીને ગુરુપૂર્ણિમાંનો



ઉત્સવ ઉજવાયો. તેમાં સ્વામી શ્રી ધર્મવિહારીદાસજીએ જનમંગલ સ્તોત્ર નામાવલિ મધુરકંઠે ઉચ્ચારીને-સાથે બહોળી સંખ્યામાં હરિભક્તોએ પૂજન કરી ધન્યતા અનુભવી હતી. મંદિરના મહંત સ.ગુ. સ્વામી શ્રી હરિજીવનદાસજી, સ્વામી શ્રી મુંકુંદજીવનદાસજી તથા સ્વામી શ્રી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ. પુ. સ્વામી શ્રી હરિબળદાસજીના સાંનિધ્યમાં ગુરુપૂજન કરવામાં આવ્યું હતું.

**મહા આરતી :** રવિવારે તા.૮-૭-૧૨ના સંધ્યા સમયે મંદિરે સંગીતમય મહાઆરતી યોજાઇ હતી તેના યજમાનપદે કલ્પનાબેન ગિરીશભાઇ પૂજારા-પરિવાર રહ્યો હતો. અનેક સત્સંગીઓના કરકમલો દ્વારા તથા સંતો દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. અને સ્વામી શ્રી અક્ષરપ્રિયદાસજીએ સત્સંગ વૃદ્ધિ-સદાચારી જીવન અને નિર્વ્યસની થઇને જીવન જીવી ભગવાનના સુખે સુખીયા થાવ... એવી મહારાજ પાસે પ્રાર્થના કરી હતી.



**ધ્વાજારોહણ**

તા.૧૪-૭-૧૨ શનિવાર અષાઢ વદ-૧૧ એકાદશીના પ્રભાતે ધ્વાજારોહણનો પ્રસંગ ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહારાજ સહજાનંદ સ્વામી, રાધાકૃષ્ણદેવ મંદિરના શિખર ઉપર તથા ગણપતિજી મહારાજ-હનુમાનજી મહારાજના મંદિરના શિખર સહિત પાંચેય શિખર ઉપર નવી ધ્વજા આરોહણ કરવામાં આવી હતી. ધ્વજા આરોહણના યજમાન શ્રી વિપુલકુમાર શિવલાલ સોની રહ્યા હતાં.

**હિંડોળા તથા હિમાલય ઉદ્‌ઘાટન :** તા. ૧૫-૭-૧૨ રવિવારે મુખ્ય મંદિરમાં ત્રણ હિંડોળા દર્શન હિમાલય



દર્શન-વ્યસન મુક્તિ પ્રદર્શન તથા દર્શનીય પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો. તથા બહેનોના મંદિરમાં બાર હિંડોળા દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા.

ભુજ મંદિરના મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત, અજાર મંદિરના મહંત સ્વામી શ્રી હરિજીવનદાસજી, માંડવી મંદિરના મહંત સ્વામી ભગવતજીવનદાસજીના હસ્તે દાતાશ્રી પરિવારો સાથે ભવ્યાતિભવ્ય કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો.

આ પ્રસંગે સ્વામી બાલકૃષ્ણદાસજીએ ઉત્સવમાં ઉપસ્થિત હરિભક્તો તથા ઉત્સવમાં ભાગ લેનારા તમામ દાતા પરિવારોને બિરદાવ્યાં હતાં.

સંતો તેમજ ચોવીસીના હરિભક્તો-નાની નાગલપર વાડી વિસ્તાર-બેન્સા વિસ્તાર તથા અંજાર શહેરી વિસ્તારના હરિભકતો-સાંખ્યયોગી બહેનો-કર્મયોગી બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

હિંડોળા ઉત્સવમાં હિંડોળાના ચડાવામાં દાતાશ્રીઓએ

સેવામાં સહયોગ આપ્યો હતો. શ્રી ઘનશ્યામ મહારાજ પાસે મુખ્ય હિંડોળાના યજમાન શ્રી ભીમજીભાઇ રામજી હીરાણી, ઘનશ્યામભાઇ, જયેશભાઇ ગામ બળદીયા હાલે ઇસ્ટ લંડનવાળાએ લાભ લીધો હતો. સહજાનંદ સ્વામી પાસેના હિંડોળાના યજમાન નારાણભાઇ મનજી કેરાઇ - બળદીયા હાલે નૈરોબીવાળાએ લાભ લીધો. રાધાકૃષ્ણદેવ પાસેના હિંડોળાના યજમાન લાલજીભાઇ કરશન કેરાઇ- ગાંધીધામવાળાએ લીધો હતો.

મંદિરના ચોકમાં બનાવેલ હિમાલય. કે જે નાની નાગલપરવાળા વિસ્તારના યુવાનોએ અથાગ મહેનત કરીને હિમાલયની કૃતિ તૈયાર કરી છે. તે હિમાલય દર્શનના મુખ્ય યજમાનશ્રી અ.નિ.હરજીભાઇ કાનજી હા.નારણભાઇ સપરિવાર મેઘપર-કાર્ડિફ લીધો હતો. ગાડા ઉપર શ્રીજી મહારાજ બીરાજમાન થઇને દર્શન આપે છે. તે કૃતિના યજમાન સાં.યો. નાનબાઇ કરશન વરસાણી - કેરા હ. માતૃશ્રી રાધાબેન કરશનભાઇ - લંડન, નરેશભાઇ હરજી કેરાઇ - લંડન, હ.એચ.વી. કેરાઇ એ લાભ લીધો.

અનાજનો હિંડોળો ચોકમાં છે તેના યજમાન શ્રી પ.ભ.વિશ્રામભાઇ લાલજી પિંડોરીયા - પર્થ ઓસ્ટ્રેલિયાવાળાએ લાભ લીધો તથા બહેનોના મંદિરમાં બાર હિંડોળાના યજમાનશ્રીઓ સંતો સાથે રહીને હિંડોળાની આરતી ઉતારીને હિંડોળા મહોત્સવ - હિમાલય દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યાં. હિંડોળાની સેવા કરીને દાતાશ્રીઓએ આરતી ઉતારી હતી. સાં.યો. ત્રિવેણીબેન, અંજાર, પ.ભ. કાનજીભાઇ નાનજી કારા, રામપર, ગોવિંદભાઇ ખીમજીભાઇ પીંડોરીયા - નારણપર (કમ્પાલા), મનજીભાઇ વિશ્રામભાઇ વરસાણી - બળદીયા (સીડની), પ.ભ. કરશનભાઇ મનજી હીરાણી ગાંધીધામ (રામપર) વિનોદભાઇ શિવજી કેરાઇ (લંડન), પોપટભાઇ પૂજાભાઇ નીશર-મુંબઇ (ભચાઉ), ગોપાલભાઇ કરશન વાસાણી હ. સુપુત્રો દામજીભાઇ તથા હરીશભાઇ-ઇન્દોર (રવાપર), રતનશીભાઇ જેઠાભાઇ ખુથિયા પરિવાર - થાણા (નવાગામ ભચાઉ), દેવજીભાઇ વીરજી વસ્તા - માંડવી, ધનજીભાઇ નારાણ મનજી વરસાણી - સામત્રા.

સમગ્ર આયોજનને સફળ બનાવવા કોઠારી સ્વામીશ્રી પુરાણી શ્રી પ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ - નાની નાગલપર અંજાર કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો, બેન્સા વિસ્તારના હરિભક્તો તથા ટ્રસ્ટી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. અંજાર બહેનોના મંદિરના મહંત સાં.યો.ત્રીવેણીબેનના માર્ગદર્શન હેઠળ મહિલા મંડળની બહેનોએ જહેમત ઉઠાવી. સુશોભીત કલાત્મક બાર હિંડોળા બનાવીને હિંડોળે હરિને ઝુલાવી રહ્યા છે. ભવ્યાતિભવ્ય હિંડોળા મહોત્સવના ઉત્સવ સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી શ્રી અક્ષરપ્રિયદાસજીએ કર્યુ હતું.

અહેવાલ : રમણીકભાઇ સોલંકી, અંજાર

## કેરામાં ભવ્ય હિંડોળા દર્શન ઉદ્ઘાટન

હિંચે હિંડોળે મારો શ્યામળો રે...
ઝુલાવે વૃજની નાર મારા વાલા... હિંચે

આ પ્રસંગ માટે ભુજ ધામથી પુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા બીજા વડીલ સંતો પધાર્યા હતા. સંતોના પ્રેરક પ્રવચન બાદ ઉદ્ઘાટન વિધિમાં ઊંચો આંક આપી મુખ્યદાતા શ્રી સુમિત્રાબેન પરબત હાલાઇ યજમાન થયા. સાથે કેરાના સાં.યો.રતનબાઇ, સાં.યો.નાનબાઇ, સાં.યો. સામબાઇ અને નાના મોટા દાતારો સાથે સંતો મળીને તા. ૧૬-૭-૨૦૧૨ના રોજ સાંજે છ વાગ્યે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કેરાના પ્રમુખ દિનેશભાઇ વાઘજીયાણીના નેજા હેઠળ યુવાનો તથા બહેનો ૨૫ દિવસ-રાત મહેનત કરી તૈયાર કરવામાં મદદ કરી હતી.



અને વિશેષ આકર્ષણ એ હતુ કે આ પ્રદર્શન મા (૨૭) સતાવીસ સંતો દર્શન કરી બહુ રાજી થયા હતા. છેલ્લે બધા દાતારોને સંતોએ હાર પહેરાવી બહુમાન કર્યુ હતું. અને આ હિંડોળા તા. ૩-૮-૨૦૧૨ સુધી ચાલુ રહેશે. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કર્યુ હતું.

અહેવાલ : શિવજી નાથા ભુવા

## બળદીયા (ઉપલોવાસ) હિંડોળા મહોત્સવ



તા.૫-૭-૧૨ના રોજ બળદીયા ઉ.વાસ શ્રી સ્વામિનારાયણ બાઇઓના મંદિરના મહંત સાંખ્યયોગી કાનબાઇ ફઇની પ્રેરણા અને મદદથી ગૃહસ્થ ભક્ત બહેનો અને હરિભક્તો મળી ચાંદી એકઠી કરી ભવ્ય નકશીકામવાળો સાત ફુટ ઊંચો અને ચાર ફુટ પહોળો સોના ચાંદી (ગંગા જમુના)નો હિંડોળો તૈયાર કરવામાં આવ્યો હતો, તે હિંડોળાનું ઉદ્ઘાટન પરમ ભક્ત સેવાભાવી શ્રી નારાણભાઇ મનજી આણદા કેરાઇ પરિવારે ઊંચો આંક આપી ઠાકોરજીને ઝૂલાવી મહંત સ્વામી આદિ વડિલ સંતો સાથે આરતી ઉતારી ઉદ્ઘાટન કર્યુ હતું.

આ પ્રસંગે ભુજથી મહંત સ્વામી આદિ મોટી સંખ્યામાં ૪૦ જેટલા સંતો તેમજ તપસ્વીની સાંખ્યયોગી બહેનો પધાર્યા હતાં. હજારો ભાઇ-બહેનો અને બાળકોએ દર્શનનો તથા પ્રસાદનો લાભ લીધો હતો, પુજ્ય મહંત સ્વામી તથા શ્રી હરિ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્બોધનો તથા આશીર્વાદ પાઠવતાં નારાણભાઇ મનજી કેરાઇ પરિવારની ભુજ મંદિર તથા અન્ય જગાએ કરેલી સેવાને બિરદાવી હતી.

હિંડોળામાં ગામની યુવતી મંડળની વિદ્યાર્થિની બહેન દીકરીઓ કાનબાઇ ફઇના માર્ગદર્શન મુજબ જાત-જાતના રંગબેરંગી ડીઝાઇનો સભર નવા-નવા હિંડોળા બનાવી શ્રી ઘનશ્યામ મહારાજને ઝુલાવી રાજીપો પ્રાપ્ત કર્યો હતો, યુવક મંડળના યુવાનો લાઇટ ડેકોરેશનથી મંદિરને ઝળહળતું કર્યુ હતું. સભાપતિપદ શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ - શ્રી ઘનશ્યામ બાલિકા મંડળ, બળદીયા

---

## અક્ષરવાસ

તા.૨૪-૧૧-૧૯૮૩ના જન્મેલા ગોધરા (માંડવી)ના પ.ભ.શ્રી ઘનશ્યામભાઇ કરસન દેવજી હાલાઇ તા.૦૮-૦૭-૨૦૧૨ના રોજ અક્ષરવાસી થયા છે. ભુજ શ્રી નરનારાયણદેવ વિષે નિષ્ઠા ધરાવતા આ ભક્તે સંતોની આજ્ઞાને જીવનમંત્ર બનાવી પોતાનો ભક્તિભાવ દર્શાવેલ. સીંગાપોરમાં પ.પૂ.મહંત સ્વામી આદિ સંતો તેમના ઘેર ઉતરતા તથા સ્થાનિક સત્સંગીઓ સાથે દર રવિવારે સત્સંગ કરતા. ટૂંકી બિમારીમાં અને નાની ઉંમરે તેમને મહારાજ તેડી ગયા તો તેમના પરિવારને શ્રી હરિ દુઃખ સહન કરવાનું બળ આપે અને દિવ્ય આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એ જ પ્રાર્થના.

ગામ સુખપર (રોહા) તા. નખત્રાણા, માતૃશ્રી અમરબાઇ વાલજી હીરાણી (ઉ.વ.૯૭) તા. ૨૨-૭-૨૦૧૨ના શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયાં છે. શ્રીજી મહારાજ તેમને પોતાની સેવામાં અખંડ રાખી પોતાના ચરણકમળનું સુખ આપે તથા તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના.

- પ્રેમબાઇ લાલજી હીરાણી ગામ સુખપુર નિવાસી, પ.ભ.જેઠાભાઇ ભચુભાઇ ગામી ગામ કેરા, પ.ભ.રામબાઇ શામજી પીંડોરીયા ગામ માધાપુર, પ.ભ.પ્રેમબાઇ વેલજી લાલજી મેપાણી ગામ સુખપુર અક્ષર નિવાસી થયેલ છે.


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# વિદેશ સમાચાર



## સામાન્ય સભા – કેન્ટન હેરો

રવિવાર તા.૨૪-૬-૨૦૧૨ના શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર (લંડન) કેન્ટન-હેરોમાં વાર્ષિક જનરલ સભા રાખવામાં આવેલ જેમાં મંદિરના આવક-જાવકના હિસાબ વાંચી સંભળાવવામાં આવેલ અને વર્ષ ૨૦૧૨-૨૦૧૩ની કાર્યવાહક સમિતિની ચુંટણી કરવામાં આવેલ જેમાં નીચે મુજબ નવી સમિતિના સભ્યોની નામાવલી છે.


પ્રમુખ શ્રી વિશ્રામભાઇ વાઘજી માયાણી (દહિંસરા), ઉપપ્રમુખશ્રી વાલજીભાઇ સામજી ડબાસીયા (કોડકી), મંત્રી કાનજીભાઇ મનજી કેરાઇ (રામપર), સહમંત્રી શ્રી નિતેશભાઇ વિશ્રામ હીરાણી (માંડવી), મદદનીશ મંત્રી શ્રી હરીશભાઇ કરસન જેસાણી (દહિંસરા), ખજાનચીશ્રી ધનજીભાઇ કરસન વરસાણી (કેરા), સહખજાનચીશ્રી ધનજીભાઇ પરબત હાલારીયા (કેરા) મ. ખજાનચીશ્રી લીતભાઇ કરસન ભંડેરી (માંડવી)

સભ્યો : સુરેશભાઇ શીવજી રાબડીઆ (માંડવી), મનસુખભાઇ કરસન માયાણી (દહિંસરા), અરવિંદભાઇ કરસન ભંડેરી (માંડવી), મનજીભાઇ લાલજી રાઘવાણી (બળદીયા), ધનજીભાઇ લાલજી રાબડીયા (સરલી), દેવજીભાઇ કરસન માયાણી (દહિંસરા), નારણભાઇ વેલજી ભુડીયા (નારણપર), અરવિંદભાઇ પ્રેમજી હાલાઇ (બળદીયા), રસીકભાઇ વેકરીયા (સુરજપર), જાદવજીભાઇ કાનજી કેરાઇ (બળદીયા), દેવેન્દ્રભાઇ નાનજી જેસાણી (દહિંસરા)

ઉપરોક્ત સભ્યોની નિમણુંક કરવામાં આવેલ.

મંત્રીશ્રી : કાનજી મનજી કેરાઇ

## નૈરોબી ધાર્મિક પરીક્ષા



પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી પૂર્વ આફ્રિકા શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા શ્રી ઘનશ્યામ બાલમંડળ બાલિકામંડળ તથા શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તથા યુવતી મંડળ ની ધાર્મિક પરીક્ષા લેવામાં આવી હતી.જેમા ૩૧૫ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. ૬ ગ્રુપ કરવામાં આવ્યા હતા. હરિ, કૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સ્વામિનારાયણ, નારાયણ આ પ્રમાણે ઉંમરને અનુસાર ગ્રુપ કરવામાં આવ્યા હતા. જેમા મુકેશ, સુચિત, હરીશ, હશમુખ આદિ યુવાનોએ પરીક્ષામાં સેવા આપી હતી. પરીક્ષામાં પ્રથમ, દ્વતીય, તૃતીય નંબરના પરીક્ષાર્થીઓને ઇનામ આપવામાં અવ્યું હતું. આ રીતે દર વર્ષે પરીક્ષા લેવામાં આવે છે.

અહેવાલ અરવિંદ ભુડીયા

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર તથા ઈસ્ટ લંડનમાં ઉત્સવો ઉજવાયા.**

- તા.૨૨-૪-૨૦૧૨ને રવિવારે પ.ભ.કુમાર જય હરિશભાઇ ધનજીભાઇ ભુડિયા પરિવાર, ગામ ઉ.સુખપર
- તા.૨૨-૪-૨૦૧૨ને રવિવારે મંદિર તરફથી થાકરથાળી.
- તા.૬-૫-૨૦૧૨ને રવિવારે પ.ભ.કાનબાઇ ધનજી રવજી વરસાણી પરિવાર, જન્મ દિવસ નિમિત્તે ગામ ભારાસર વાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ.
- તા.૨૭-૫-૨૦૧૨ને રવિવારે પ.ભ.પુંજાભાઇ દેવજીભાઇ દેવશીભાઇ લીંમાણી પરિવાર ગામ માનકુવાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ. હસ્તે. દોહિત્રી નયના, દીપા, દોહીત્રા બલરામ, કૃષ્ણ, સુપુત્ર શાંતીલાલભાઇ લીંમાણી દ્વારા ધામધુમથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.
- તા.૧૦-૬-૨૦૧૨ને રવિવારે પ.ભ.નિલેશભાઇ ભગવાનજીભાઇ ચોવટીયા પરિવાર ગામ સુરતવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ.
- તા.૩-૬-૨૦૧૨ને રવિવારે યુ.કે.દેશના રાણીની ડાયમન્ડ જયુબેલી યુ.કે.દેશમાં રમત ઉત્સવ ઓલમપીકસ, ઇસ્ટ લંડન મંદિરને ૨૫ વર્ષ મંદિર બહાર રસ્તા ઉપર યોજેલ પાર્ટી ઘનશ્યામ મહારાજે ૧૦ વર્ષ નિમિત્તે આખો દિવસ અપંગ વ્યક્તિઓ Richaro Hospital માટે યુવક મંડળ તેમજ મંદિર દ્વારા આયોજિત ઉત્સવ ઉજવીને દાન કરેલ.

અહેવાલ : મંત્રી, અરવિંદ વેકરીયા, પુલકીતભાઇ કોઠાર



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

**લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી**

**શ્રીકૃષ્ણજન્મ જયંતી**

બાલ મિત્રો! જય શ્રીસ્વામિનારાયણ..તમે સૌ જણતા જ હશો કે શ્રાવણ વદ અષ્ટમી એટલે ? શ્રીકૃષ્ણ જયંતી જન્માષ્ટમી. ભગવાન શ્રીકૃષ્ણ સુદ પક્ષમાં નહિ પણ વદ પક્ષમાં પ્રગટ થયા હતા. શ્રાવણ વદ આઠમ.દિવસના પ્રકાશમાં નહિ પણ મધ્યરાત્રિના અંધકારમાં રાત્રે બાર વાગ્યે.મહેલમાં નહિ પણ જેલમાં પ્રગટ થયા. ભગવાન કયાં કેવી રીતે પ્રગટ થાય તે કોઇ જાણી શકે નહિ.

રાત્રિના મધ્યભાગે જયારે પરમાત્માનું પ્રગટ્ય થયું ત્યારે વસુદેવ અને દેવકીને આનંદ આનંદ થઇ ગયો. રાત્રીએ મથુરાની પ્રજા ગાઢ નિંદ્રામાં લીન હતી. કેવળ વસુદેવ અને દેવકી જ જાગતા હતાં. તેઓ ચતુર્ભુજ ભગવાનની પ્રાર્થના કરતા હતા. પછી ભગવાન બાલ સ્વરુપ થઇ માની ગોદમાં રમવા લગ્યા. કંસના ભયને કારણે વસુદેવ કૃષ્ણને ટોપલામાં બેસાડી ચાલતા થયા. કારાવાસમાંથી રાત્રિના અંધકારમાં ગોકુળ જવા ચાલી નીકળ્યા. યોગમાયાની ચમત્કારી શક્તિને કારણે કારાવાસના બધા જ ચોકીદારો ભર નિંદ્રામાં સૂઇ ગયા. સૂર્યોદય થાય ત્યારે જેમ અંધકાર આપોઆપ અલોપ થઇ જાય છે. તેવી રીતે વાસુદેવની નજર પડતાં તાળાં આપોઆપ ખૂલી ગયા અને સાંકળો તૂટી ગઇ. દ્વાર પણ આપોઆપ ખૂલી ગયા. ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. યમુના નદીમાં પૂરના પાણી ઉછાળા મારી રહ્યા હતા. ચરણ સ્પર્શ કરી યમુનાજીએ માર્ગ આપ્યો. શેષજી વસુદેવની પાછળ પાછળ બાળકૃષ્ણ ઉપર છત્ર બનાવીને સેવા કરતા હતા. જયારે વસુદેવ ગોકુળમાં નંદરાજાના ઘેર પહોંચ્યા ત્યારે બધા ગોકુળવાસી ભર નીંદ્રામાં સૂતા હતા. તેમણે પોતાના પુત્રને યશોદાની પથારી ઉપર સુવડાવી અને તેમની પુત્રીને લઇને ચાલી નીકળ્યા. આ પુત્રી યોગમાયાનું સ્વરુપ હતી. પુત્રીને લઇને ફરી કંસના કારાગૃહમાં પાછા આવ્યા અને બાળકીને દેવકીના ખાટલા ઉપર સુવડાવી દીધી. ફરી તેમના હાથે પગે સાંકળો બંધાઇ ગઇ. દરવાજા બંધ થઇ ગયા. સીપાઇયો જાગી ગયા. બાળકીએ રડવાનું શરુ કર્યું. સિપાઇયો કંસને સમાચાર આપ્યા. કંસ આવ્યો હાથમાં લઇ મારવા જાય ત્યા હાથમાંથી છટકી ગઇ. આકાશમાં દેવી રુપ થઇ કંસને કહ્યું તને મારનાર તારો કાળનો જન્મ થઇ ગયો છે. દેવીની વાત સાંભળી કંસ ચિંતા કરવા લાગ્યો. એ ભલે ચિંતા કરે આપણે જઇએ ગોકુળમાં.

ગોકુળમાં નંદ યશોદાને ઘેર લાલાના જન્મના સમાચાર મળતાં જ ગોપ-ગોપીઓએ આખું ગોકુળ શણગાર્યું. દહી,દુધ,માખણ લઇ નંદજીને ઘેર ગયા. ત્યાં ખૂબ જ ધામધુમથી જન્મોત્સવ ઊજવ્યો હતો. તે દિવસની યાદીમાં આજે પણ ભકતો જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવે છે. પારણામાં પ્રભુને પધરાવી, રાત્રે બાર વાગ્યે આરતી કરી કીર્તનો ગાય છે. તે દિવસે ઉપવાસ વા એકટાળું ભકતો કરે છે. આરતી પછી પંચાઝીરીનો પ્રસાદ વહેચવામાં આવે છે.

બોલો શ્રીકૃષ્ણ કનૈયા લાલકી જય...

**:: વીર યુવાન ::**

ભારતને આઝાદી મળી તે પહેલાંની વાત છે. માતૃભૂમીને આઝાદ કરવાના સંકલ્પ લીધે કેટલાક યુવાનો

અંગ્રેજો સામે જંગ છેડયો હતો. જેમાં એક હતા ચંદ્રશેખર. એકવાર એમને એક અંગ્રેજ સાહેબને પથ્થર માર્યો. તેથી પોલીસે ચંદ્રશેખરની ધરપકડ કરી. જેલમાં પૂરવામાં આવ્યા.

શિયાળાના દિવસો સરોવરમાં બરફ જામી જાય એવી કડકડતી ઠંડી. આવી ઠંડીમાં ચંદ્રશેખરને ધાબડો આપવામાં આવ્યો નહિ. ફોજદાર રાઉન્ડમાં નીકળ્યા. તેમના મનમાં એમ હતું કે આ છોકરો આવી ઠંડીમાં ઠરીને ઠાકરું થઇ ગયો હશે. મારી આગળ હાથ જોડી કરગરશે, કાલાવાલા કરી ધાબડો માંગશે.

ત્યાં ફોજદારની નજર ચંદ્રશેખર પર પડી. ચંદ્રશેખર તે સમયે દંડ-બેઠક કરી રહ્યા હતા. એમનું શરીર આવી કડકડતી ઠંડીમાં પણ ખૂબ પરસેવાથી રેબઝેબ થઇ ગયું હતું. ફોજદારની આંખ ફાટી ગઇ જોતો જ રહી ગયો. ફોજદારની આગળ આ વીર યુવાને દયાની ભીખ માંગી નહિ. ઠંડીમાં કસરત કરને લડતો રહ્યો. પરંતુ મદદ માંગીને પોતાની મજબૂરી બતાવી નહિ.

આવા કંઇ વીરયુવાનો માતૃભૂમી ખાતર પારાવાર વેદના સહન કરીને, ભારતવાસી તરીકેનું સ્વમાન ટકાવી રાખ્યું હતું. અંતે દેશને માટે પોતાનું બલિદાન આપી દીધું હતું. આવા વીર યુવાનોને આજે પણ લોકો ૧૫મી અગષ્ટના તીરંગો ફરકાવી યાદ કરે છે. અસ્તુ ભારત માતાકી જય...

## જ્ઞાનસરિતા

૧. શ્રી કૃષ્ણ ભગવાનનું નામ કરણ કોણે કર્યુ હતું
(અ) માર્કન્ડેય મુની (બ) ગર્ગાચાર્ય
(ક) સાંદીપની (ડ)નંદબાબા

૨. બલરામની માતાનું નામ શું હતું
(અ) રોહીણી (બ) દેવકી (ક) યશોદા (ડ)પ્રભાવતી

૩. રામાનંદ સ્વામીનો જન્મ કયા દિવસે થયો હતો
(અ) શ્રાવણ વદ ૭ (બ) શ્રાવણ સુદ ૮
(ક) શ્રાવણ વદ ૮ (ડ) અષાઢ વદ ૧૦

૪. રામાનંદ સ્વામીનો જન્મ કઇ સાલમાં થયો હતો
(અ) ૧૭૯૫ (બ) ૧૭૯૬ (ક) ૧૮૯૫ (ડ) ૧૮૧૧

૫. સૌ પ્રથમ શ્રી કૃષ્ણને મારવા કોણ આવ્યું હતું
(અ) કંસ (બ) પૂતના (ક) શકટાસૂર (ડ) કૃત્યા

૬.નીલકંઠ વર્ણી લોજની વાવ પર આવ્યા ત્યારે કયો દિવસ હતો
(અ) અષાઢ સુદ૧૦ (બ) શ્રાવણ વદ ૬
(ક) શ્રાવણ સુદ ૬ (ડ) શ્રાવણ સુદ ૧૦

૭. ભારતનો સ્વાતંત્રય દિન કયારે આવે છે.
(અ) ૨૬મી જાન્યુઆરી (બ) ૨૬ ઓગસ્ટ
(ક) ૧૫મી જાન્યુઆરી (ડ) ૧૫મી ઓગસ્ટ

૮. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે
(અ) વાઘ (બ) સિંહ (૩) ગાય (ડ) મોર

૯. અધિકમાસનું બીજું નામ શું છે
(અ) સત્યમાસ (બ) પુરુષોત્તમમાસ
(ક) નારાયણમાસ (ડ) માઘમાસ

૧૦. માંડવી મંદિરમાં બનાવેલ દાદાના દરબારમાં ઓરડા કેટલા હતા.
(અ) ૯ (બ) ૮ (ક) ૧૦ (ડ) ૪

**:: ઉખાણા ::**

૧. ઢેફા ઉપર ઢેફલી, વચ્ચે અંતરજામી
ગાય ઉપર હાથ ફેરવે, નરસીમહેતાનો સ્વામી

૨. એક જાનવર ઇતુ,પૂંછડે પાણી પીતું;
પવનથીએ બીતું, આ જનાવર કે'તું.

૩. ત્રણ પાંખાળાં પાંદડાં, જે શંકર ઉપર ચઢે,
ફળ ખાતાં ઝાડો બંધ, જંગલમાં જે જડે.

**:: હસતા રહો ::**

૧. **મગન :** અરે કિરણ, પાટાપરથી ઉભો થઇ જા. હમણાં તારા પરથી ટ્રેન જતી રહેશે.
**કિરણ :** અરે યાર.. હું બે દિવસ પહેલા પાટા પર સૂઇ ગયો હતો ત્યારે મારા પરથી વિમાન જતું રહ્યું હતું, અને મને કઇ નહોતું થયું. તો આ ટ્રેનથી શું ડરવાનું.

## -: શબ્દ રચના :-

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ★ | ૪ | |
| | ★ | | ★ | | ★ | ★ | ૫ | | ★ |
| | ★ | | ★ | ૬ | ૭ | | ★ | ૮ | ૯ |
| | ★ | ૧૦ | ૧૧ | | | ★ | ૧૨ | ★ | |
| ★ | ૧૩ | ★ | | ★ | ★ | ૧૪ | ★ | ૧૫ | |
| ૧૬ | ★ | ૧૭ | | | ૧૮ | ★ | ૧૯ | ★ | |
| ૨૦ | | | ★ | ★ | ૨૧ | | | ૨૨ | ★ |
| | ★ | ૨૩ | ૨૪ | | ★ | ★ | ૨૫ | | ૨૬ |
| | ★ | ૨૭ | | ★ | ૨૮ | ૨૯ | | ★ | |
| ★ | ૩૦ | | | ★ | ૩૧ | | ★ | ૩૨ | |

**આડીચાવી**

૧.માંડવીમાં બિરાજતા દેવ.

૪.શ્રી કૃષ્ણનું કુળ.

૫.દારુ પીવાથી ચડે છે.

૬.બાપુજી,પપ્પા.

૮.ત્રણ દકાર દમ,દયા,.....

૧૦.શ્રીહરિ આંબાની ડાણે હિંડોળો ઝુલ્યા હતા.

૧૨.એકાક્ષરી

૧૩.પાંચ પાંડવ અને કૌરવ......

૧૪.લક્ષ્મીજીનું નામ

૧૫.એક જ્ઞાનેદ્રિય

૧૭.અભિમન્યુ પુત્ર

૨૦.ભુજના સુંદરજી.......

૨૧.શ્રીકૃષ્ણના જન્મ દિવસ એટલે

૨૩.એક અપ્સરાનુંનામ

૨૫.આકાશમાં વાદળા ન હોય ત્યારે કહેવાય.

૨૭.સંગીતના સાત .....

૨૮.કૃષ્ણ જેની ચોરી કરતા.

૩૦.તફાવત નો પર્યાય.

૩૧.મમતા એટલે.

૩૨.નર.

**ઊભી ચાવી**

૧.રાધાજીના પિતાનું નામ

૨.શ્રીકૃષ્ણના પિતાનું નામ

૩.સર્વજગતના પિતા

૪.શ્રીકૃષ્ણની માતાનું નામ

૭.સંગીતમાં લય એટલે.

૯.કૃષ્ણનું એક નામ

૧૧.ધૂડની ઉડતી...

૧૬.કૃષ્ણનું એક નામ ૧૭.ભગવાનનું એક નામ

૧૮.ઝાડની છાલ મસાલામાં વપરાય છે.

૧૯. શ્રીહરિના ચરણનું ચિહ્ન

૨૨. એક કૃષ્ણ ભક્તનું નામ

૨૪. સ્વર્ગનું વિરુધ્ધ

૨૬. અભ્યાસમાં મળતી બઢતીને

૨૮. કંસ કૃષ્ણના થાતા.

૨૯.ખોટું

**ગત અંકના જવાબો**

૧.જેતપુર,૨.હરિ હૈયાના હાર છો,૩.ગંગારામમલ્લ ૪.કૃષ્ણશર્મા ૫.નિષ્કુળાનંદ સ્વામી, ૬.નીચલો જમણો, ૭.૧૮, ૮.અ,બ,ક ત્રાણે, ૯.હસ્તિનાપુર ૧૦.તિલક ચાંદલો,

**ઉખાણાં:**-રાત,ગુલાબજાંબુ,જીભઅનેદાંત,ઘુવડ

**શબ્દરચના**

ગત
અંકમાં
આપેલ
શબ્દ
રચનાના
જવાબો

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | ભિ | ષ | ણ | | | | | | દ | શ | ર | થ |
| યુ | ધૂ | ષ્ઠિ | ર | | | | | | સુ | ત | કી | ર્તિ |
| સ | ત્ય | વ | તી | | | | | | વિ | દુ | ર | જી |
| અ | ભિ | મ | ન્યુ | | | | | | વિ | શ્વા | મિ | ત્ર |
| દ્રો | ણ | ગુ | રુ | | | | | | ધ | નં | જ | ય |
| ભિ | ષ્મ | પિ | તા | | | | | | દે | વ | વ્ર | ત |
| રા | મ | ચં | દ્ર | | | | | | ર | ણ | છો | ડ |
| હ | નું | મા | ન | | | | | | કૃ | પા | ચા | ર્ય |
| જાં | બ | વ | ન | | | | | | અં | બા | લિ | કા |
| | સી | તા | મા | તા | | | | | હ | દે | વ | ★ |
| ★ | ધૃ | ષ્ટ | ધુ | મ્ન | ★ | ★ | ★ | વૃ | કો | દ | ર | |
| | | સુ | ન | ય | ના | ★ | કું | તી | ભો | જ | | |
| | | | | | ★ | ★ | ★ | | | | | |

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૦/- | નીતિન વિઠ્ઠલદાસ ઠક્કર | ભુજ | સુપુત્રી ચિ.નિધિના વેવિશાળ ડો.લવ કતીરા સાથે થતાં |
| ૧૫૧/- | વાઘજીભાઇ કલ્યાણ કેરાઇ ધ.પ.માનબાઇ નીતિન તેમજ ધીરજ પરિવાર | રામપર(વેકરા) | ઠાકોરજીને હિંડોળે ઝુલાવ્યા તે નિમિત્તે |
| ૧૦૧/- | વાઘજીભાઇ કલ્યાણ કેરાઇ પરિવાર તેમજ સુપુત્રી સવિતા, દક્ષા પરિવારસહ | રામપર (વેકરા) | ઠાકોરજીને હિંડોળે ઝુલાવ્યા તે નિમિત્તે |
| ૫૦૦/- | હીરજી હરજી વરસાણી | ભારાસર હાલે બોલ્ટન | ફોર વ્હીલર ગાડી ખરીદી તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | રમેશ હીરજી વાઘજીયાણી | સુખપર-મદનપુર | એમ.બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી તે નિમિત્તે |
| ૧૦૧/- | કાન્તા હીરજી વાઘજીયાણી | સુખપર-મદનપુર | પી.જી.ડી.સી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી તે નિમિત્તે |
| ૫૦૦/- | કાન્તાબેન ધનજી પિંડોરીયા | નારાણપર ઉ.વાસ | એક મહિનાની પુલ્હાશ્રમયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરતાં શ્રી હરિ પ્રસન્નાર્થે |
| ૨૦૦/- | કાન્તાબેન રમેશ પિંડોરીયા | નારાણપર ઉ.વાસ | એક મહિનાની પુલ્હાશ્રમ તથા અન્ય યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૫૦૧/- | મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | દેવપોઢી એકાદશી નિયમ એકાદશી નિમિતે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૫૨/- | હેમલતાબેન મકવાણા | રાજકોટ | ગ્રીસા અને જયમન મકવાણાના જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૫૨/- | પૂર્વી હરેશભાઇ મકવાણા | રાજકોટ | ફોર વ્હીલર ગાડી ખરીદીતે નિમિતે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે |
| ૫૦૦/- | અશ્વિન ખીમજી હીરાણી | મેઘપર | તેમના ઘેર પુત્ર દિઅનનો જન્મ થતાં શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | એક હરિભકત તરફથી | ભુજ | ગુરૂપૂર્ણિમાના સત્સંગ સભા નિમિત્તે |
| ૧૦૧/- | પિયુષ હસમુખલાલ શાહ | મુન્દ્રા | પિયુષભાઇના જન્મ દિવસ નિમિતે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | હસમુખલાલ ચુનીલાલ શાહ | મુન્દ્રા | ચારધામની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રીનરનારાયણદેવ પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | દક્ષેશભાઇ મહેશભાઇ જેઠી | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૦/- | હીરજી કાનજી કેરાઇ | બળદીયા | પૌત્ર કાન્તિલાલ પ્રેમજીના નાઇરોબીમાં તા.૨૨-૭-૧૨ના નિરધારિત લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૫૧/- | હંસાબેન શિવજી કેરાઇ | નારાણપર ઉ.વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવ પ્રસન્નાર્થે |
| ૫૦૦/- | ભવ્યનંદન કુરજી હીરાણી | નારાણપર ની.વાસ | જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૦૦/- | રમેશ મુરજી લાલજી હીરાણી | કોડકી | ઓસ્ટ્રેલીયાની રાઇટ મળતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૧/- | ઘનશ્યામ હરિરામ ચૌહાણ | કુંભારીયા હાલે પુના | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૧૧/- | હરેન્દ્ર શાંતિલાલ છાયા | ભુજ | હરિદ્વારની યાત્રા સુખરૂપ પૂર્ણ થતાં શ્રીનરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૫૧/- | ક્રિશ નિલેશ અરવિંદભાઇ મેપાણી | કેરા | ચિ.ક્રિશના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે |
| ૫૦૧/- | ધનબાઇ કુરજી હીરાણી | નારાણપર ની.વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૧૦૦/- | મયુરભાઇ અશોકભાઇ ચૌહાણ | કુંભારીયા હાલે પુના | સુપુત્રી ચિ.ભવ્યાના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૨૦૧/- | હંસાબેન નરેન્દ્રભાઇ ઠક્કર | ભુજ | સુપુત્રી ચિ.ભકિત તથા દોહિત્રી દુર્વાના જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે |
| ૧૦૧/- | મુકુંદ રમેશભાઇ પિંડોરીયા | નારાણપર ઉ.વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦૫/- | ભીમજી કરસન વરસાણી | માનકુવા-નવોવાસ | શ્રીહરિ પ્રસન્નાર્થે ભેટ |
| ૫૦૦/- | કલ્યાણ માવજી વેકરીયા | હરિપર | નવો બંગલો બનાવ્યો તેના વાસ્તુપૂજન નિમિત્તે શ્રીહરિ પ્રસન્નાર્થે ભેટ |

























(૧-૩) અંજાર મંદિરમાં હિમાલય દર્શન સાથે દર્શન કરતા હરિભક્તોને મુગ્ધ કરતા રમણીય હિંડોળાના આરતી સહ દર્શન. (૪) અંજાર મંદિરે મુખ્ય હિંડોળાના યજમાન નારણભાઈ મનજી કેરાઈ મહંત સ્વામીના આશીર્વાદ પામે છે. (૫) હરિભક્તોને દર્શન તથા કથાવાર્તા આપવાના પ્રયોજન સાથે ભારતનાં સમસ્ત રાજ્યોના યાત્રા પ્રવાસે પ્રસ્થાન કરતા સંતો. (૬) ગામ બળદિયાના નારણભાઈ મનજી કેરાઈ સમસ્ત પરિવાર તરફથી બળદિયા મંદિરને ચાંદીનો નવો હિંડોળો ભેટ આપ્યો તેની મહંત સ્વામી સાથે રહી આરતી ઉતારે છે. (૭) બળદિયા મંદિરને ચાંદીનો હિંડોળો ભેટ આપનાર કેરાઈ પરિવારના વયોવૃદ્ધ મનજીભાઈ વડીલને મહંત સ્વામીના આશીર્વાદ. (૮) ભુજ મંદિરમાં હિંડોળાની સેવા કરતા અંજારના હરિભક્તો.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# માંડવી મંદિરમાં ભવ્ય હિંડોળા ઉદ્‌ઘાટન પ્રસંગે યજમાનશ્રીનોઓનું સન્માન

























**માંડવી મંદિરમાં હિંડોળાના દિવસોમાં દાદાખાચરના વિશાળ દરબારમાં શ્રીજીમહારાજની સભા અને દરબારનું દશ્ય**